JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 10 I Issue 9 I Mumbai I AUGUST - 2019 I Price Rs. 25/- I Pages : 40

પ્રભુ શરણમાં જન્મ થવાની હતી નિયતિ,
તારવા પામર જીવોને બન્યાં પરમાર્થી, એવા એ તારણહાર
રાષ્ટસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના

50th પ્રાગટ્ય અવસરે

તેઓશ્રીના શ્રીચરણમાં
અર્પણ થતી,
આપણા ભક્ત હૃદયની
ભાવના એટલે...



॥ ગુરુદેવશ્રી મહાગ્રંથ ॥

એક એવો ગ્રંથ... જેમાં ગુંથાશે,
આપણા સહુ પર વરસેલી ગુરુકૃપા અને ઉપકારના અનુભવો, સંકેત અને સમજણની ક્ષણો...
જે જન્માવશે દેશ-પરદેશના લાખો હૃદયમાં ગુરુ પ્રત્યે શ્રદ્ધા અને ભક્તિનું પ્રેરણાતત્ત્વ !

તો આપશ્રી પણ મોકલશો, આપના અનુભવો અને સંકેતથી સર્જાયેલી ઘટનાઓનો અહેસાસ !
Share your experiences on WHATSAPP NO. +91 7303000777

જુઓ પેજ નં - 20

હર એક યુગમાં એક **યુગપુરુષનો** જન્મ થાય છે.

એ **યુગપુરુષની મહાનતા** અને **પ્રભાવકતાનો** અનુભવ વર્તમાન આ પંચમ આરામાં પણ અનેક ભાવિકોને અનુભવાય છે.

સ્થાનકવાસી જૈન મુનિઓમાં કેટલાંક એવા **સત્ત્વશીલ** અને **સક્ષમ** મુનિઓ છે,
જેમની પાસે જન્મોજન્મની ઉત્કૃષ્ટ **સાધના** સાથે **કરૂણાથી** સમૃધ્ધ **સંવેદનશીલ હૃદય** છે.
આત્મગુણોના **વૈભવ** સાથે વિશિષ્ટ પ્રકારની **શક્તિઓના** પ્રાગ્ટય રૂપ અનેકવિધ **લબ્ધિ** અને **ઉપલબ્ધિઓ** છે.

આવા લબ્ધિનિધાન, પ્રભાવક મુનિઓની સક્ષમતા, સત્ત્વશીલતા અને પ્રભાવકતાનું
દિવ્ય દર્શન કરાવતી પુસ્તિકા એટલે,

આ પર્યુષણમાં પ્રભાવના કરવા લાયક પુસ્તિકા

માત્ર ₹25/-

સ્થાનકવાસી મુનિઓના પ્રભાવક પ્રસંગો

ભાગ 1-2

પારસધામ-ઘાટકોપર (મુંબઇ) પ્રકાશિત આ પુસ્તિકાના
એક-એક પ્રસંગનું વાંચન થતાં હૃદયમાંથી ઉદ્‌ગાર નીકળે છે,

અહો.. અહો.. આ જૈન મુનિ!

...વંદન વારંવાર આ જૈન મુનિઓને!

આજે જ એડવાન્સ બુકીંગ કરાવો

*આ પુસ્તિકા **જિનશાસનની ગરિમા** અને **ગૌરવને** વધારે છે અને*
*ગુરુ ભગવંતો પ્રત્યેની **શ્રધ્ધા, ભક્તિ** અને **સમર્પણભાવને** દૃઢ અને દૃઢત્તમ બનાવે છે, આત્મભાવોને નિર્મળ બનાવે છે.*

વાંચવા, વંચાવવા અને પ્રભાવના કરવા લાયક પ્રેરક પુસ્તિકા.

: પ્રાપ્તિ સ્થાન :

પારસધામ, વલ્લભ બાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇ), મુંબઇ-400077.	**પારસધામ,** 12/A, બકુલ બગાન રો, કોલકત્તા-700025.	**પાવનધામ,** મહાવીરનગર, B.C.C.I. ગ્રાઉન્ડની સામે કાંદિવલી (વે), મુંબઇ - 400067.

વધુ વિગત માટે સંપર્ક: +91 86574 84493

સ્થાનકવાસી જૈન મુનિઓના પ્રભાવક પ્રસંગો પુસ્તકમાંથી એક પ્રભાવક પ્રસંગ...

રાયજીનું કુટુંબ બચાવ્યું :

સૌરાષ્ટ્રના વડીયા ગામમાં બપોરના સમયે **મહાતપસ્વી મુનિ માણેકચંદ્રજી મહારાજ,** પુરુષોત્તમ રાયજી નામના એક ગૃહસ્થને ત્યાં ગૌચરીએ જઈ ચડયા. રાયજીભાઈ ધંધાદારી ગૃહસ્થ હોવાથી તે તેમની દુકાને ગયા હતા. તેમની પત્ની ઘરમાં હતી. તેણીએ મહારાજશ્રીને ભક્તિભાવથી વંદન નમસ્કાર કરી સન્માન્યા. પછી મહારાજશ્રીને વ્હોરાવવા માટે સુઝતો આહાર લેવા રસોડામાં ચાલી ગઈ.

તે વખતે મહારાજશ્રીએ તે ઘરમાં રહેલા યક્ષને જોયો અને તેની સાથે સંકેતમાં કાંઈક વાત કરી, ત્યાં તો તે બાઈ આહાર લઈને વ્હોરાવવા માટે બહાર આવી ગઈ અને મહારાજશ્રીને પ્રતિલાભ્યા.

ત્યારે મહારાજે તે બાઈને સૂચના કરી કે **આજે સાંજના ચાર વાગ્યા પહેલાં ઘરમાંથી સર્વ સારભૂત વસ્તુઓ લઈને ઘર બહાર ચાલ્યા જજો.** ઘરમાં કોઈ રહેશો નહીં.

મહારાજશ્રીના ગયા પછી તે ગૃહસ્થ રાયજીભાઈ જમવા આવ્યા, તેણે જમી લીધું, પછી બાઈએ તેને ચાર વાગ્યા પહેલાં ઘર ખાલી કરીને કયાંય ચાલી જવાની વાત કરી. રાયજી તો જૈન સાધુ મુનિરાજોને કદી ભક્તિભાવથી જોતો નહીં એટલું જ નહીં પણ તેને જૈન સાધુઓ તરફ તિરસ્કાર પણ હતો.

રાયજીએ તેની પત્નીની વાત માની નહીં અને સાધુઓ માટે ગમે તેમ બોલ્યો. છતાં પત્નીના બહુ આગ્રહપૂર્વક સમજાવવાથી છેવટે કહ્યું, હું તો દુકાને જાઉં છું, તે સાંજ પહેલાં આવવાનો નથી, તારે જેમ કરવું હોય તેમ કરજે.

બાઈને મહારાજશ્રી ઉપર પૂર્ણ શ્રધ્ધા હતી, તેથી તેણીએ તો ઘરમાંથી લેવા જેવી સર્વ ચીજો બહાર કાઢી અને તે સર્વ સામાન બાજુના પાડોશીના ઘરમાં લઈ જઈ મૂકાવ્યો અને પોતે પણ ત્યાં બેઠી. **બરોબર ચાર વાગ્યે તેનું આખુંય ઘર એકદમ પડી ગયું અને પથ્થર તથા માટીનો ઢગલો થઈ ગયો.**

તે ખબર સાંભળતાં પુરુષોત્તમ રાયજી દોડી આવ્યો અને તરત ઉપાશ્રયે મહારાજશ્રી પાસે જઈ વંદન નમસ્કાર કરી ઉપકાર માન્યો અને ત્યારથી તે તપસ્વી મહારાજશ્રીનો પૂર્ણ ભક્ત બનવાની સાથે ચુસ્ત જૈન શ્રાવક બની ગયો.

આજે પણ તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.ની પ્રત્યે હજારો-લાખો ભાવિકો શ્રધ્ધા રાખે છે.

તેમના સ્મરણ માત્રથી લોકો અને વિકટ પરિસ્થિતિઓમાંથી બહાર આવે છે.

પર્યુષણ વિશેષાંક

આ અંકમાં ખાસ વાંચો

6 પ્રભુ હૈયે કે હોઠે ?

8 એલર્જીના કારણો

10 નેગેટીવ ભાવોને પોઝીટીવ કરવાની પ્રોસેસ

29 ગુરુપૂર્ણિમા બોધ અને પ્રેરણા

32 જ્ઞાન અનુમોદના

33 સંસ્થા-સંઘ-સમાજના Leaders કેવા હોવા જોઇએ

37 અર્પણમ્

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA) : ₹ 2500

FOR 2 YRS. (WITHIN INDIA) : ₹ 500

LIFETIME (INTERNATIONAL) : ₹ 20000

FOR 1 YR. (INTERNATIONAL) : ₹ 2500

JAIN KRANTI

જૈન ક્રાંતિ

5th AUGUST 2019, YEAR: 19, ISSUE - 226

PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 25

જેઓ સહકાર આપી ધન્ય બન્યા તે શુભદાતાના નામ

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઇ દેસાઇ (પાર્લા)
- શ્રી હીનાબેન સંજયભાઇ શાહ (વડોદરા)
- શ્રી માલતીબેન હર્ષદભાઇ દોશી (કાંદિવલી)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઇ સંઘવી (ઘાટકોપર)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)
- શ્રી સોહમ મહિલા મંડળ (પાવનધામ-કાંદિવલી)
- શ્રી દેવીબેન હસુભાઇ શાહ (સાંતાક્રુઝ)
- શ્રી શારદાબેન ડી. દેસાઇ (આણંદ)
- શ્રી ભારતીબેન ભરતભાઇ પંચમીયા (ઇન્દોર)
- શ્રી કાજલબેન જયંતિલાલ દલાલ (દાદર)
- પાવનધામ - કોમ્પ્યુટર રૂમ (કાંદિવલી)
- વી.સી.કે. ફોરેક્સ (કોલકાતા)
- શ્રી પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા)
- ઇગલ મેન્યુફેક્ચરીંગ (મુંબઇ)
- શ્રી લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી)
- મહાવીર ટેક્સટાઇલ (કોલકત્તા)
- શ્રી કુંદનબેન જયંતિભાઇ સંઘવી (સુરત)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- માતુશ્રી અંજવાળીબેન શામળજીભાઇ માલાણી પરિવાર (કોલકાતા)
- શ્રી શોભનાબેન હેમેન્દ્રભાઇ દોશી (ઇન્દોર)
- અનશન આરાધક શ્રી રાજેશભાઇ મોદી (ઘાટકોપર)
- શ્રી મુકેશભાઇ મેપશી છેડા
- અનશન આરાધિકા શ્રી લલીતાબેન પોપટલાલ હેમાણી (શાહ) (U.S.A)
- ચિ. શની ગોસર અને ચિ. આકૃતિ ફુરિયા
- શ્રી ધર્મેશભાઇ કામદાર (મુલુંડ)

'જૈન ક્રાંતિ'માં આપનું જ્ઞાનદાન એટલે દેશ-વિદેશના હજારો ભાવિકો સુધી પ્રભુનું જ્ઞાન પહોંચાડવાનું ઉત્તમ અનુદાન !

'જૈન-ક્રાંતિ જ્ઞાન દાન' ₹ 11,000=00 એક વર્ષના

CHQ / DD should be in favour of ARHAM YUVA GROUP

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો સંપર્ક : **+91-9324808181**

TO KNOW MORE ABOUT PUJYA GURUDEV CONTACT ON: +91-9860905678

: FORMER EDITOR :	: PUBLISHER :	: EDITOR :
SHREE RASIKBHAI PAREKH	SHREE DEEPAKBHAI BHAYANI	SHREE PRATIMABEN BADANI

: EMAIL :	CONTACT : PARASDHAM	: JOIN US ON :
publication@parasdham.org	VALLABH BAUG LANE, TILAK ROAD,	www.facebook.com/ParasdhamIndia
website: www.parasdham.org	GHATKOPAR (E), MUMBAI - 400077	www.youtube.com/ParasdhamTV
	PH: +91-22-25015152	

Printed, Published, Edited and Owned by - DEEPAK K. BHAYANI

Printed at Arihant Printing Press: Ghatkopar (E), Mumbai - 400 077 and

Published at: 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099

ज्ञानगंगामय चातुर्मास 2019 જ્ઞાનનો પાવન પ્રવાહ વહેશે

શ્રી સમસ્ત કોલકાતા સ્થા. જૈન સંઘોના સહયોગે | પારસધામ-કોલકાતાના પાવન પ્રાંગણે

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ

આદિ 36 સંત-સતીજીઓના સાંનિધ્યે

પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ

27.08.2019 || પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ - અષ્ટ મંગલ મહોત્સવ || 03.09.2019

卐 પરમ સાધના પર્વ - પર્યુષણ પર્વ નિત્ય આરાધના 卐

સવારે 08:30 થી 11:30 - પર્વ પ્રવચન | સાંજે 06:30 કલાકે - સમૂહ પ્રતિક્રમણ

પર્યુષણ પ્રવચન માળા- શ્રી તીર્થંકર જીવનયાત્રા

દરરોજ સવારે 08:30 કલાકે

સવારે 7:00 થી 8:00 - Inner Cleaning Course

અષ્ટ દિવસીય જ્ઞાન આરાધના

31.08.2019 શનિવાર

ભગવાન મહાવીર જન્મોત્સવ

14 મહાસ્વપ્ન સાથે ભવ્ય ઉત્સવ

પ્રભુ જન્મોત્સવ અવસરનો હૃદયનો ઉલ્લાસભાવ પ્રભુના પરિવારમાં જન્મ અપાવે એવા શુભ કર્મનો બંધ કરાવે છે.

આપ પણ પર્યુષણમાં **8** દિવસની સાધના પૂજ્ય ગુરુદેવના સાંનિધ્યમાં કરવા ઇચ્છતા હો તો વ્યવસ્થા સચવાઇ રહે તે માટે આપના નામ **20th August** સુધીમાં આપવા વિનંતી.

પર્વાધિરાજ પર્યુષણ આરાધના સ્થળ:
DUNGAR DARBAR - 9, Sarat Bose Road,
Near Minto Park, kolkata-700020.

For more Information: +91 7303-000111/7303-000222
For Accommodation Contact : +91 7303000444
Watch live on: www.parasdham.org/live

ફોર્મ મેળવવાનું અને મોકલવાનું સ્થાન
PARASDHAM
12/2A, Bakul Bagan Row, Near Landsdowne Market, Kolkata - 700025.
Online Registration
www.parasdham.org

આ જગતમાં ઘણા લોકો એવા હોય છે જે જન્મે છે, જીવે છે અને એમની વિદાય થઈ જાય છે પણ એમની ક્યાંય નોંધ લેવાતી નથી, જ્યારે કેટલાંક આત્મા એવા હોય છે જે 2500 વર્ષ પછી પણ લોકોના હૃદયમાં જીવંત હોય છે. જેમનું અવતરણ આ અવની પર સ્વયં માટે નહીં પણ સર્વના સુખનું કારણ બનતું હોય, સર્વના હિતનું કારણ બનતું હોય, જેમનું જીવન એક નવી પ્રેરણા દેતું હોય, નવી દિશાનું દર્શન કરાવતું હોય, એવા આત્મા વર્ષો પછી પણ સ્મૃતિમાં જીવંત રહેતાં હોય છે.

જેમનો જન્મ જગતના કલ્યાણ માટે થયો હોય, એમનો જન્મ કલ્યાણક 2500 વર્ષ પછી પણ ભક્તિભાવથી ઉજવાતો હોય છે. ભગવાન મહાવીરનો જન્મોત્સવ, ભગવાન મહાવીર જન્મ કલ્યાણકને આજે પણ લોકો એટલાં જ ભાવથી ઉજવે છે, એ દિવસે ભગવાનના જીવનના પ્રસંગો પ્રસ્તુત કરવામાં આવે, ભગવાનનો જય જયકાર કરવામાં આવે, એમના જીવનનું વાંચન કરવામાં આવે. પણ શું આ ભગવાન મહાવીરનું સન્માન કર્યું કહેવાય ? જન્મોત્સવની સાર્થક ઉજવણી કહેવાય ?

માનો કે, તમારા શહેરમાં એક મિઠાઈવાળાની દુકાન છે, તમે એ દુકાનમાં જાવ છો, એક-એક મિઠાઈને જુઓ છો, એના ભાવ પૂછો છો, એના વખાણ કરો છો અને એક પણ મિઠાઈની ખરીદી કર્યા વિના, દુકાનના પગથિયાં ઉતરી જાવ છો.

મિઠાઈવાળાને શું ગમે ? તમે એની દુકાનમાંથી મિઠાઈ ખરીદી કરો તે કે તમે માત્ર એની મિઠાઈના વખાણ કરો તે ?

એમ ભગવાનને શું ગમે ?

તમે એમના નામનો જય જયકાર કરો તે કે એમના ધર્મનો, એમના સિધ્ધાંતોને જન-જનના હૃદયમાં પહોંચાડો તે ? ?

ભગવાન મહાવીરનું યર્થાથ સન્માન કર્યું ક્યારે કહેવાય ?

ભગવાન મહાવીરના નામનો જય જયકાર કરવો, એ ભગવાનનું સામાન્ય સન્માન કર્યું કહેવાય અને જન-જનના હૃદયમાં ભગવાનનું સ્થાન લાવવું એ ભગવાનનું યથાર્થ એવમ્ શ્રેષ્ઠ સન્માન કહેવાય.

મોટા ભાગના આપણે, ભગવાનને આપણા સુધી જ સિમિત રાખ્યાં છે, લોકોના હૃદય સુધી પહોંચાડવાનો પ્રયત્ન જ નથી કર્યો. ખોટ આપણી એ છે કે, જેમ જન્મથી મળેલી 'મા' ની વધારે વેલ્યુ નથી હોતી, એમ જન્મથી મળેલાં ભગવાન મહાવીરનું આપણને વધારે મૂલ્ય નથી, મૂલ્ય નથી એટલે ભગવાન મગજ સુધી પહોંચ્યા છે, હૃદય સુધી નથી પહોંચ્યાં. મગજમાં રહેલા ભગવાન જરૂર હોય ત્યારે જ યાદ આવે જ્યારે હૃદયમાં રહેલાં ભગવાન, જરૂર ન હોય ત્યારે પણ યાદ આવે.

જેમની જરૂર ન હોય છતાં યાદ આવે, તે સદાય આપણી સાથે હોય.

ભગવાન મહાવીર જન્મોત્સવ અવસરે ભગવાનને હોઠથી હાર્ટ સુધી લઈ જવાના છે અને લોકોના હાર્ટ સુધી પણ લઈ જવાના છે.

ભગવાનને હાર્ટ સુધી લઈ જવા ભગવાનના ગુણોને આત્મસાત કરવા જોઈએ.

આપણે આપણને જૈન કહીએ છીએ, ભગવાનના વંશ અને વારસદાર કહીએ છીએ, પણ ભગવાનના કેટલાં ગુણધર્મ આપણામાં છે

- **ભગવાન દુ:ખનું સ્વાગત કરવાવાળા હતા :**

ભગવાન કષ્ટોને જ કલ્યાણ માનવાવાળા હતાં, જ્યારે આપણે કષ્ટોથી દૂર ભાગવાવાળા છીએ. ભગવાન દુ:ખોનું સ્વાગત કરવાવાળા હતાં. ભગવાન કષ્ટોને, વેદનાને, દુ:ખોને પોતાનો આત્મ વૈભવ માની, એને આમંત્રણ આપવાવાળા હતાં. જ્યારે જગતની દરેક વ્યક્તિ દુ:ખના નામ માત્રથી દૂર ભાગવાવાળી હોય છે.

દુ:ખનું સ્વાગત કરે, એ જ મહાવીર બની શકે.

દુ:ખથી ભાગવાવાળા તો કાયર હોય !

જે દિવસે દુ:ખનું સ્વાગત કરવાનો ગુણધર્મ આવી જશે, તે દિવસથી તમારા ચહેરા પર સદાય સ્મિત અને સૌમ્યતા હશે અને એ પ્રસન્નતાથી સમૃધ્ધ ચહેરાને ક્યારેય કોઈ દુ:ખી નહીં કરી શકે.

ભગવાન મહાવીરનો વારસદાર ક્યારેય દુ:ખી ન હોય અને દુ:ખી હોય એ ભગવાનનો વારસદાર ન હોય.

ભગવાને કહ્યું છે, જે દુ:ખોનું સ્વાગત કરે તે જૈન હોય. આ જ જૈનની ઓળખ છે.

એટલે એક સંકલ્પ કરો. ગમે તે દુ:ખ આવે, મનમાં એક વાક્ય બોલવાનું,

તારૂં સ્વાગત છે, તારા સ્વાગત માટે મારા દ્વારા ખુલ્લાં છે. તારે આવવું હોય ત્યારે આવી શકે છે અને જવું હોય ત્યારે જઈ શકે છે.

આપણા હોઠ પર પરમાત્માનું નામ રાખવું એ અલગ વાત છે અને આપણા હૃદયમાં પરમાત્માનું સ્થાન હોવું એ અલગ વાત છે.

જેના હૃદયમાં પરમાત્માનું સ્થાન હોય, તેના મુખ પર ક્યારેય ફરિયાદ ન હોય.

મહાપુરુષો અને મહાન આત્મા એ જ કહેવાય, એ જ્યારે હોય ત્યારે તો એમનો પ્રભાવ હોય જ, પણ જે જ્યારે ન હોય ત્યારે એમનો પ્રભાવ વધુ ને વધુ વિકસતો હોય.

એવા પ્રભુ મહાવીર સહન કરીને સિધ્ધિને પામ્યાં કે સુખી થઈને સિધ્ધિને પામ્યાં ? સહન કરીને !

જ્યારે જ્યારે તમે સહન કરો છો, ત્યારે ત્યારે તમે સિધ્ધિની નજીક જાવ છો અને જ્યારે જ્યારે તમે સહન નથી કરતાં ત્યારે-ત્યારે તમે સિધ્ધિથી દૂર થાવ છો.

પ્રભુની સિધ્ધિ સુખમાંથી નથી પ્રગટી, પ્રભુની સિધ્ધિ સહનશીલતામાંથી પ્રગટી છે.

મનુષ્ય ભવની પ્રાપ્તિ પછી જે સામે ચાલીને, સ્વેચ્છાએ સહન કરવાની ભાવના રાખે છે, એ જ પોતાના કર્મોનો ક્ષય કરી શકે છે, એ જ પોતાના પાપનો ક્ષય કરી શકે છે.

પ્રભુ જન્મોત્સવ - પુણ્ય ઉપાર્જનનો અવસર !

માનો કે, તમારા પરિવારમાંથી કોઈ દીક્ષા લે ત્યારે તમારા અંતરમાં કેવો ઉલ્લાસ ભાવ હોય કે મારા ભાઈએ, મારી બેને, મારા દીકરાએ દીક્ષા લીધી છો અને તમારા પરિવારની કોઈ વ્યક્તિ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે અને તીર્થંકર બને ત્યારે ઉલ્લાસ ભાવ સાથે કેવું ગૌરવ અનુભવો ?

શાસ્ત્રોમાં કહ્યું છે, પ્રભુનો જન્મોત્સવ જે હર્ષોલ્લાસથી ઉજવે છે, ઉમંગ અને ઉત્સાહથી ઉજવે છે, અંતરના ઉત્કૃષ્ટ ભાવ અને ભક્તિથી ઉજવે છે, આજ મારા પ્રભુનો જન્મોત્સવ છે એવા હૃદયના અહોભાવથી ઉજવે છે, તે વ્યક્તિ શુભ નામ કર્મ અને શુભ ગોત્ર કર્મનો બંધ કરે છે, પ્રભુના પરિવારમાં જન્મ લઈ શકે એવા ઉત્કૃષ્ટ પુણ્યનું ઉપાર્જન કરે છે.

પ્રભુ જન્મોત્સવને ભાવ, ભક્તિ અને શ્રધ્ધા સાથે ઉજવનાર વ્યક્તિ તીર્થંકર પ્રભુના પરિવારમાં જન્મ લઈ, પળ-પળ તીર્થંકર પ્રભુના શુભ અને પાવન પરમાણુઓની અનુભૂતિ કરતાં-કરતાં, આત્માને શુધ્ધ-વિશુધ્ધ અને પરિશુધ્ધ બનાવી એક દિવસ સ્વયં તીર્થંકર બની શકે છે.

અનંત ઉપકારી પ્રભુ જન્મોત્સવ અવસરે રોમ-રોમને સ્પંદિત કરી દે એવી ચિત્તની પ્રસન્નતા હોવી જોઈએ.

આજ ભલે પ્રભુ નથી મળ્યાં પણ પ્રભુ જન્મોત્સવનો અવસર, પ્રભુના ગુણગ્રામ કરવાની તક પણ જેની સવાયી તકદીર હોય તેને જ મળે છે.

એક આત્મા, સંસારના કૂવામાં મસ્તીથી જીવે છે અને માને છે આખી દુનિયાનું સુખ અહીંયા જ છે અને મારા જેવો સુખી કોઇ જ નથી. એક દિવસ, અચાનક જ, એક સર્ચલાઇટનો પ્રકાશ એના ઉપર પડે છે, અને એ ચકિત થઇ જાય છે. એને એ પ્રકાશ પાછળ દોડવાનું મન થાય છે. હવે એને કૂવો ગમતો નથી. કૂવામાંથી બહાર નીકળવા તડપે છે.

Lifeમાં ગુરુ શા માટે ?

જે તમને સત્યનું રીયલાઇઝેશન કરાવે છે, તમારા ભ્રમને તોડે છે અને તમને શાશ્વત અને અશાશ્વત સુખનો ભેદ સમજાવે છે. અજ્ઞાનના કૂવામાંથી બહાર નીકળી સમજની સમૃધ્ધિ જોઇતી હોય તો સર્ચલાઇટ સમાન ગુરુ Lifeમાં હોવા જોઇએ !

- સૌજન્ય : શ્રી રાજેશભાઇ મેઘાણી

આજે વેરની ગાંઠને ખોલીએ

એલર્જી અણગમાની !

સંવત્સરી કેમ મનાવવાની ? ક્ષમાપના કરવા કેમ જવાનું ? ક્ષમાપના કોની કરવાની ? ગમતાની કે અણગમતાની ? ગમતા એ જ હોય, જેની સાથે કોઈ પ્રોબ્લેમ ન હોય અને જેની સાથે કોઈ પ્રોબ્લેમ ન હોય એમને ક્ષમાપના કરવાની જરૂર પણ શું હોય ? જેની સાથે પ્રોબ્લેમ જ ન હોય તેની સમક્ષ સોરીનો શૉ શા માટે કરવાનો ?

ક્ષમાપના એની સાથે કરવાની હોય, જેના પ્રત્યે અણગમો હોય અને એ અણગમો એલર્જી બની ગયો હોય, મનમાં એક ગાંઠ બની ગઈ હોય, વેરની ગાંઠ બની ગઈ હોય.

પર્યુષણ એ વેરની ગાંઠને ખોલવા માટે હોય છે.

ગાંઠ અને ગુસ્સો, એ બંનેમાં ફરક હોય છે. ગુસ્સો ઓન ધ સ્પોટ આવે અને થોડીવારમાં ચાલ્યો જાય. પછી મનમાં કાંઈ ન હોય. એટલે ગુસ્સો ક્ષણિક હોય અને આ ભવ પૂરતો જ હોય.

ગાંઠ કેવી રીતે બંધાય ?

પહેલાં અણગમો થાય, પછી નેગેટીવ ભાવ આવે, નેગેટીવ ભાવ વધતાં વધતાં આવેગ અને આક્રોશનું રૂપ ધારણ કરે અને એ આક્રોશ અંતે દ્વેષમાં કનવર્ટ થઈ જાય. અણગમાની સાથે ભળેલા આક્રોશને ગાંઠ કહેવાય, વેર-ઝેરની ગાંઠ કહેવાય.

ભગવાન કહે છે, **364 દિવસ ક્રોધ કરનારી વ્યક્તિ પણ 365 માં દિવસે પ્રાયશ્ચિત કરીને મોક્ષમાં જઈ શકે છે. જ્યારે ગાંઠવાળી વ્યક્તિ 365 દિવસ સંયમ જીવનનું પાલન કરે તો પણ મોક્ષ તો શું, દેવલોકમાં પણ જવાની શક્યતા હોતી નથી. અર્થાત્ જ્યાં સુધી કોઈ પણ વ્યક્તિ પ્રત્યે મનમાં જરા પણ અણગમો છે, ગાંઠ પડેલી છે ત્યાં સુધી મોક્ષની શક્યતા નથી.**

વેરની ગાંઠ જો સાથે આવી ગઈ તો આ ભવ તો બગડે અને ભવોભવ પણ બગાડે.

શરદી બે પ્રકારે થાય.

એક હોય નિમિત્ત આધારિત એટલે કે ઠંડુ ખાવાથી કે પાણીમાં પલળવાથી થઈ જાય, એને કહેવાય સામાન્ય શરદી અને એ સામાન્ય દવા લેવાથી બે-ચાર કે વધુમાં વધુ સાત દિવસમાં તો મટી પણ જાય.

બીજી હોય એલર્જીક શરદી, એ તો ભવોભવથી સાથે આવેલી હોય. ભૂતકાળમાં કોઈ પદાર્થ પ્રત્યે અણગમો હોય, એ પદાર્થ જેવો સામે આવે એટલે તમારૂં બોડી તરત જ એનું રીએકશન આપે. આ છે બાહ્ય એલર્જી, શરીરની એલર્જી !

એમ પરમાત્મા કહે છે, જેની સાથેના ગયા ભવના વેર-ઝેર અને અણગમો લઈને આવ્યા હો, એ વ્યક્તિ આ ભવમાં આંખ સામે આવે અને તરત જ અંદરમાંથી કંઈક ને કંઈક થવા લાગે. સંવત્સરી અને પર્યુષણ એ અંદરની એલર્જીને બહાર કાઢવાના દિવસો છે.

એલર્જીની દવા ડૉકટર બે પ્રકારે કરે.

એક વ્યક્તિને એ પદાર્થથી એકદમ દૂર કરી દે અને એક એ વ્યક્તિને પદાર્થથી એકદમ નજીક કરી દે, એટલાં કોન્ટેકટમાં રાખે કે બોડી ઓટોમેટિક એનો સ્વીકાર કરવા લાગે. એટલે અણગમો ગમો બની જાય.

કોઈ પણ વ્યક્તિ પ્રત્યેની અંદરમા રહેલી એલર્જીને આત્મામાંથી બહાર કાઢવાની પ્રોસેસ એ છે સંવત્સરીનું પ્રતિક્રમણ અને સંવત્સરીની આલોચના !

એલર્જી મેમરીઝના સૌથી ઉપરના લેયર પર હોય છે એટલે એક નાનકડું નિમિત્ત મળતાં જ એનું રીએકશન આવવા લાગે છે.

વસ્તુ કે પદાર્થની એલર્જી વધારે નુકશાન નથી કરતી પણ વ્યક્તિ પ્રત્યેની એલર્જી અનંત અહિતકારી હોય છે.

સર્વજ્ઞ ભગવાન મહાવીરે જૈનધર્મમાં પર્યુષણ અને એમાં પણ સંવત્સરીનું સૌથી વિશેષ મહત્ત્વ બતાવ્યું છે. કેમકે, ભગવાનને ખબર હતી જગત આખું દુ:ખી થાય છે એક માત્ર વેરના કારણે ! વેર એટલે અંદરમાં પડેલો એ અણગમો જે એલર્જી બની ગયો છે.

જેમ બહારની એલર્જીને કાઢવા માટે ડૉકટર પાસે જાવ અને ડૉક્ટર જે પ્રમાણે પ્રીસ્કાઈબ કરે અને જે પ્રમાણે પરેજી પાળવાનું કહે તે પ્રમાણે તમે કરો છો. તેમ અંદરની એલર્જી કાઢવા માટે સદ્‌ગુરુ રૂપી ડૉકટર જે નિર્દેશ આપે તે પ્રમાણે વ્યક્તિ આચરે તો તેની એલર્જી અવશ્ય દૂર થઈ જાય અને અનેરી પ્રસન્નતા અનુભવે. એલર્જી હંમેશાંને માટે અજ્ઞાનીને જ હોય, જ્ઞાનીને ક્યારેય એલર્જી ન હોય.

સદ્‌ભાગીના લલાટે સંવત્સરીનું તિલક :

દુનિયામાં અબજો લોકો હોય છે, એમાં સંવત્સરી મનાવવાના ભાવ કેટલાંને થાય ? કેટલાં મનાવી શકે ?

જૈન હોવા છતાં, જૈન કૂળમાં જન્મ મળ્યો હોવા છતાં પણ ઘણાને પર્યુષણ ઉજવવાનો ભાવ નથી થતાં તો ઘણાને અનુકૂળતા નથી મળતી.

માટે જ, પરમાત્મા કહે છે, સદ્‌ભાગી એ હોય, જેના લલાટે સંવત્સરીનું તિલક હોય !

સંવત્સરી સમજને વધારવા માટે હોય છે અને સંવત્સરી સંબંધોને સુધારવા માટે હોય છે. સંવત્સરી સમસ્યાના સોલ્યુશન માટે હોય છે.

શુધ્ધ થવા કરીએ યુધ્ધ :

ધર્મને પામ્યા પછી, સંવત્સરીની સંધ્યા પછી પણ જો અંદરમાં રહેલો ઈગો અને અહમ્ જાય નહીં, અંદરમાં રહેલી ગાંઠ ખુલે નહીં તો પછી સંવત્સરી મનાવ્યાનો અર્થ શું ?

ખમાવવા ગમતાંને જવાનું ન હોય, ખમાવવા અણગમતાંને જવાનું હોય. ગમતાંને ખમાવીને તમે તમારા સંબંધોને વધારો છો, વધારે સ્ટ્રોંગ કરો છો. સંવત્સરી એ સંબંધોને વધારવા માટે નથી, સંવત્સરી એ સંબંધોને સુધારવા માટે છે.

સંબંધોને વધારવા એ પાપ છે, સંબંધોને સુધારવા એ ધર્મ છે.

જેમની સાથે પ્રેમ હોય એ આવતા ભવમાં મળે કે ન મળે નક્કી નથી હોતું, પણ જેની સાથે વેર હોય એ અનંતા ભવ મળે છે. જે ક્ષણે તમારી અંદરમાં વેરના ભાવ જન્મે એટલે અસંખ્ય કાળ સુધી સાથે રહેવું પડે એવા કર્મો બંધાય જાય.

અણગમો અણગમાને વધાર્યા જ કરે છે.

માટે જ ભગવાને કહ્યું છે, હિંસા એ બહુ મોટું પાપ નથી. એક જ ભવમાં પ્રાયશ્ચિત કરીને અસંખ્ય ભવોની હિંસાના પાપને ધોઈ શકાય છે. એ જ પ્રમાણે ચોરી, જૂઠ, અબ્રહ્મ અને પરિગ્રહના પાપોને પણ ધોઈ શકાય છે પણ વેરનું પાપ... વેરની પરંપરા, વેરને વધારતી જ રહે છે અને એ વેર મોક્ષથી દૂર કરી દે છે.

એક જ ભવનું વેર અસંખ્ય ભવો સુધી સાથે આવે છે.

જો આવતા ભવમાં વેરને લઈ જવું ન હોય તો આ ભવે સામે ચાલીને જવું છે અને સામેથી માફી માંગવી છે, પછી ભલે એ મારાથી નાના કેમ ન હોય !

આ સંવત્સરીએ મારે મારી બધી જ ભૂલોને ભૂલી જવી છે. ભૂલ જેની પણ હોય, મારે ભૂલને ભૂલવી છે. મારે એકવાર સાચા હૃદયથી ખમાવી લેવું છે.

એક ક્ષણ માટે કદાચ તમારો અનંતકાળથી પડેલો ઈગો વિદ્રોહ કરશે, તમને હર્ટ કરશે, અપસેટ કરશે. પણ એ સમયે યાદ રાખવાનું, આજે મારે ઈગો સાથે યુધ્ધ કરવાનું છે, કેમકે મારે શુધ્ધ થવાનું છે. આજે ઈગોને હરાવી, હૃદયને શુધ્ધ કરી, સામેવાળા સમક્ષ હસતી આંખે અને પ્રસન્ન ચહેરે જવું છે. આજે મારે મારા હોઠ, મારી આંખો અને મારા ચહેરાને ક્ષમાના જળથી શુધ્ધ કરી નિર્મળ બનાવી દેવા છે. પ્રેમ અને નમ્રતાથી ભરી દેવા છે.

જ્યારે આંખોમાંથી પ્રેમ વરસતો હોય, શબ્દોમાં મિઠાસ હોય અને વ્યવહારમાં વિનય હોય તો ગમે તેવી પત્થર દિલ વ્યક્તિ પણ પીગળી જાય છે.

સામેવાળામાં ભાવ જાગે કે ન જાગે પણ તમારે ક્ષમાપના કરવી એ તમારૂં કર્ત્તવ્ય છે. સામેવાળાને આવવું કે ન આવવું એ એમની ઈચ્છા છે, પણ તમારે સામેથી જવું એ તમારી ફરજ છે, અને ખમાવ્યા પછી અંદરમાં રહેલો અણગમો, નેગેટીવ ભાવ અને ભૂતકાળની ઘટનાઓને ભૂલી જવી એ પણ એટલાં જ જરૂરી છે.

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

Shantinath Industries

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.

આવો... સંવત્સરીને સાર્થક કરીએ !

સંવત્સરી એટલે નેગેટીવ ભાવોને પોઝીટીવ કરવાની પાવન પ્રોસેસ !

હર એક વ્યક્તિના જીવનમાં કંઈક પોઝીટીવ હોય અને કંઈક નેગેટીવ હોય, કાંઈક સારૂં હોય તો કાંઈક ખરાબ હોય, કોઈક ગમતું હોય તો કોઈક અણગમતું હોય !

હર એક વ્યક્તિની માનસિક્તા પણ અલગ અલગ હોય. કેટલાંક લોકો એવા હોય જે જીવનની ઘટનાને વારંવાર... વારંવાર ચોકલેટની જેમ ચગળતા હોય અને કેટલાંક લોકો એવા હોય જે જીવનની કોઈ પણ ઘટનાને દવાની કડવી ગોળીની જેમ ગળી જતાં હોય.

કેટલાંક એવા હોય જે પાંચ મિનિટની ઘટનાને પચાસ વર્ષ સુધી યાદ રાખતાં હોય અને કેટલાંક એવા હોય જે પાંચ સેકંડમાં ભૂલી જતાં હોય.

કેટલાંક એવા હોય જે કારેલાંને પણ ચગળતા હોય અને કેટલાંક એવા હોય જે સાકરને પણ ગળી જતાં હોય.

તમે જ કહો, દુ:ખદ ઘટનાને ગળી જવી જોઈએ કે ચગળવી જોઈએ ? ભૂતકાળ ભૂલવા માટે હોય કે વાગોળવા માટે ?

જે ભૂતકાળને વારંવાર યાદ કરે છે, વારંવાર એના ઉપર વિચાર કર્યા કરે છે તે મોટા ભાગે પોતાના કર્મોને નિકાચીત બનાવતા હોય છે.

પ્રભુનો ભક્ત, પ્રભુનો વંશ અને પ્રભુનો ઉપાસક કેવો હોય ? પ્રભુ કહે છે, મારો ભક્ત, મારો વંશ, મારો ઉપાસક મિરર જેવો હોવો જોઈએ.

મિરર ફીલીંગ્સ એટલે એવી અવસ્થા જેમાં ન કોઈના માટે રાગ હોય કે ન કોઈના માટે દ્વેષ હોય ! સામે હોય ત્યાં સુધી દેખાય, આંખોથી દૂર થાય એટલે ભૂલાય જાય, મિરરની સામે આગ આવે કે બરફનો પહાડ આવે, મિરરને કોઈ અસર ન થાય, આગથી ન એ ગરમ થાય કે બરફથી ન એ ઠંડો થાય !

મિરરમાં દેખાય બધું પણ મિરર ક્યાંય કનેક્ટ ન થાય.

જિન એટલે કોણ ?

જિન એટલે જિનેશ્વરને જે માને તે !! જિનેશ્વર એટલે વીતરાગી, જિનેશ્વર એટલે રાગ - દ્વેષથી પર અને એવા જિનેશ્વરને માનવાવાળા, એવા જિનેશ્વરના અનુયાયી જૈન કહેવાય.

જૈન કેવા હોય ?

એ જુએ બધું પણ જોડાય ક્યાંય નહીં.

એ વસ્તુ, વ્યક્તિ અને વાતાવરણ ત્રણે ને ભૂલવા લાગે. જેને વસ્તુ, વ્યક્તિ અને વાતાવરણ ત્રણેય યાદ આવ્યા કરે, તે યા તો રાગ કરે અથવા દ્વેષ કરે તે યા તો પ્રિયતાનો અનુભવ કરે અથવા અપ્રિયતાનો !

કેમકે, આપણી અંદરમાં બે પ્રકારની મેમરીઝ પડેલી હોય છે, એક દૃશ્યની મેમરી એટલે કે ઈમેજની મેમરી અને એક લાગણીની મેમરી એટલે કે ઈમોશનની મેમરી ! !

જેવું દૃશ્ય કે વ્યક્તિ સામે આવે એટલે અંદરમાં પડેલી એ મેમરી બહાર આવે. એ દૃશ્ય કે વ્યક્તિ ગમતાં હોય તો રાગ થાય અને અણગમતાં હોય તો દ્વેષ થાય.

સંવત્સરી શું છે ?

સંવત્સરી એ આ ભૂતકાળની મેમરીઝને ડીલીટ કરવાની પ્રોસેસ છે.

ભૂતકાળની ઘટનાના કારણે બંધાયેલા અભિપ્રાયોથી મુક્ત થવાનો અવસર છે, આપણી અંદરમાં પડેલાં ઈમોશન્સને દૂર કરવાની તક છે. વ્યક્તિ માટે જે ઈમેજ પડી છે, જે છાપ પડી છે તેને ભૂંસવા માટે સંવત્સરીનો પાવન દિવસ છે.

તમને ફક્ત કોઈના વિશે બોલવાથી, કોઈની વાત કરવાથી, કોઈના વિશે સાંભળવાથી જ કર્મ નથી બંધાતા, તમને મેમરીઝના કારણે આવતા

વિચારોથી પણ કર્મ બંધાય છે. વ્યક્તિના માનસમાં એક-બે નહીં પણ અનેક વ્યક્તિઓની મેમરીઝ પડેલી હોય છે અને જેવા ફ્રી થાય એટલે તરત જ એ મેમરીઝ બહાર આવે, તેણે મને આમ કહ્યું હતું, તેણે મારું અપમાન કર્યું હતું, તેણે મારી સાથે ખરાબ વર્તન કર્યું હતું, વગેરે ! આવી અનેક બેડ મેમરીઝ કોમ્પ્યુટરના સ્ક્રીન સેવરની જેમ મનના પટ ઉપર આવી જાય અને એ વ્યક્તિ પ્રત્યે ફરી અણગમો, ગુસ્સો, દ્વેષ આવ્યા કરે.

ઘટના વખતે જેટલું પાપ લાગ્યું હોય તેના કરતાં અનેકગણું પાપ મેમરીઝના કારણે લાગે. મેમરીઝને ડીલીટ કરવા માટે છે સંવત્સરીની ક્ષમાપના ! ક્ષમાપનાથી જો ભૂતકાળના દરેક પ્રસંગો, દરેક ઘટનાઓ કાયમ માટે ભૂલાય જાય તો જ સંવત્સરી સાર્થક થાય !

સંવત્સરી એ આપણા અનંતકાળને બગડતા અટકાવવા માટે જ હોય છે, વારંવાર કર્મબંધ કરાવતી મેમરીઝથી મુક્ત થવા માટે હોય છે, આપણી અંદરમાં રહેલાં નેગેટીવ અભિપ્રાયોને પોઝીટીવ કરવા માટે હોય છે.

ભગવાન કહે છે, જેમ-જેમ નિમિત્તો મળે છે, તેમ-તેમ અભિપ્રાયો વધતાં જાય છે જેટલાં અભિપ્રાયો વધારે એટલાં રીએકશન્સ્ વધારે !

ખોટ મોટી એ હોય છે કે વ્યક્તિમાં પોઝીટીવ અભિપ્રાયો ઓછા હોય છે અને નેગેટીવ અભિપ્રાયો વધારે હોય છે.

સંવત્સરી એટલે નેગેટીવ ભાવોને પોઝીટીવ કરવાની પાવન પ્રોસેસ !

જેના ભાવ નેગેટીવ એનું ભવિષ્ય નેગેટીવ ! એટલે નેગેટીવ વાત કરવી નહીં અને સાંભળવી પણ નહીં.

સંવત્સરીને સાર્થક કરવા સંકલ્પ કરો કે, **મારે કોઈની નેગેટીવ વાત કરવી નથી, કોઈની નેગેટીવ વાત સાંભળવી નથી. બે મળીએ ત્યારે ત્રીજી વ્યક્તિની વાત ક્યારેય કરવી નથી અને કદાચ કરવી પડે તો ફક્ત પોઝીટીવ જ વાત કરવી છે અથવા મૌન રહેવું છે.**

જેટલી નેગેટીવ ઈમ્પ્રેશન્સ વધતી જશે એટલાં તમે નેગેટીવ થતાં જશો. જેની અંદરમાં નેગેટીવ ઈમ્પ્રેશન્સ હોય એની ઓરા નેગેટીવ હોય અને જેની અંદરમાં પોઝીટીવ ઈમ્પ્રેશન્સ હોય તેની ઓરા પોઝીટીવ હોય.

માટે જ, કેટલીક વ્યક્તિ આવે તો ગમે અને કેટલાંક જાય તો ગમે !

સંવત્સરી એ ઓરાને પોઝીટીવ કરવા માટે હોય છે. અભિપ્રાયોને વિશુધ્ધ કરવા માટે હોય છે.

સંવત્સરીના સંકલ્પથી જો મેમરીઝ ડીલીટ થાય અને અભિપ્રાયોથી મુક્ત થવાય તો સંવત્સરી સાર્થક થઈ કહેવાય.

ઈમોશન્સ અને મેમરીઝ જ્યાં સુધી જાય નહીં ત્યાં સુધી વારંવાર બહાર આવ્યા કરે.

જે પ્રભુના ઉપાસક હોય તે ક્યારેય ભૂતકાળને વાગોળે નહીં.

Rashmikant Desai - 93240 87750 E-mail : fineeyecare@gmail.com

BETTER EYE CARE BEST EYE WEAR

FINE EYE CARE
Eye Consultants & Optical Gallery

COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST, CONTACT LENSES & LOW VISION CLINIC

Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

Since-1954 FV

Hardik Desai - 93210 29293

FINE FINE FINE & ALL FINE TO YOU

FINE VISION
Ophthalmic Optical Equipment & Lenses

384 - M, Dabholkar Wadi, Kalbadevi Road, Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444

Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com

We give IDENTITY to Product

RUSH IN TO THE WORLD OF EXCITING LABELS
SPECIALLY DESIGNED FOR YOUR PRODUCT

SCREEN LAND PRINT INDIA PVT LTD

No.51, Krishnappa Agraharam Street, (Near George Town Co-operative Bank) Kondithope, Chennai - 600 079 TN, India Phone : +91-44-2520 9874 / 2596 / 6791, Email : info@screenland.in Web : www.screenland.in

Stickers & Holograms

www.screenland.in

ન બહુ નજીક, ન બહુ દૂર !

પર્વાધિરાજ પર્યુષણ શા માટે ઉજવવાના ? ધર્મ ધ્યાન શા માટે કરવાનું ? તપ-જપ શા માટે કરવાના ?

જવાબ મળશે, મોક્ષની પ્રાપ્તિ માટે ! મોક્ષમાં જવા માટે ! પણ શું કોઈએ મોક્ષ જોયો છે ? મોક્ષમાં શું હોય વધારે કાંઈ ખબર નથી.

ભગવાને આપણને બીજી એક વાત કરી છે. એક મોક્ષ ઉપર છે લોકના અગ્રભાગે અને એક મોક્ષ અહીંયા છે. એક મોક્ષ આજે અહીંયા, હમણાં અને અત્યારે હોય છે, વળી કોઈ બુધ્ધિશાળી પ્રશ્ન કરશે, શું પાંચમા આરામાં મોક્ષ હોય શકે ?

ભગવાન કહે છે, **જે ક્ષણે તારા મોહનો ક્ષય થાય છે, તે દરેક ક્ષણ તારા માટે મોક્ષ હોય છે.** એટલે મોક્ષ જવા માટે નહીં, પણ અનુભવવા માટે હોય છે.

માનો કે ઘરમાં આગ લાગે ત્યારે તમે સૌથી પહેલાં શું બચાવો ? તૂટેલું ફર્નીચર કે તિજોરી ?

માનો કે ત્યારે બે બાળકો ત્યાં બેઠાં છે, એક તમારો અને એક તમારા ડ્રાઈવરનો ? તમે પહેલાં કોને બચાવો ?

માનો કે બળતા ઘરમાંથી બહાર નીકળવા માટે એક જ વ્યક્તિ નીકળી શકે એવી સાંકડી જગ્યા છે અને નીકળવાવાળા તમે અને તમારા પત્ની છો ત્યારે પહેલાં તમે બહાર નીકળશો કે એને બહાર કાઢશો ?

જેને આંખ સામે મોત દેખાય, તેનો મોહ ક્ષય થવા લાગે.

જેનો મોહનો ક્ષય થવા લાગે, તે જ ક્ષણે તેને મોક્ષનો અનુભવ થવા લાગે.

આપણી ખોટ એ છે કે, આપણને ભરોસો છે કે હજુ તો મૃત્યુને વાર છે, હજુ મારી ક્યાં ઉંમર થઈ છે ? પણ ખબર નથી કાલની પહેલાં કાળ પણ આવી શકે છે.

જેટલો મોહ વધારે, એટલો મોક્ષ દૂર !

કડકડતી ઠંડીના દિવસો હતાં. એક દિવસ એક ઝૂંપડામાં આગ લાગી. ઝૂંપડાનો માલિક જલ્દી જલ્દી જેટલું બચાવી શકાય તેટલું બચાવવા લાગ્યો જ્યારે એનો નાનકડો દીકરો એના મિત્રોને બોલાવી લાવ્યો, જલ્દી ચાલો મારા પપ્પાએ મોટું તાપણું કર્યું છે, આપણે બધાં એમાં તાપીએ.

બાળક વિચારે છે આ તો મારી મઝાનું કારણ છે જ્યારે પિતા વિચારે છે આ તો મારી સજાનું કારણ છે. આને જ્ઞાન કહેવાય કે અજ્ઞાનતા ?

પર્યુષણ અજ્ઞાનને દૂર કરવા માટે હોય છે. પર્યુષણ સત્યને પ્રગટ કરવા માટે હોય છે. પર્યુષણ આત્માને જાગૃત કરવાની પ્રોસેસ છે, 'સ્વ' ને મળવાની પ્રોસેસ છે.

તમે તમારી લાઈફમાં કાંઈ પણ કરો, આનંદ કરો, ખુશી મનાવો પણ એક વાત કાયમ યાદ રાખવાની, આ ભવ મોહનો ક્ષય કરવા માટે છે, મોહને વધારવા માટે નહીં.

મોહને વધારવો ન હોય તો એક જ સૂત્ર યાદ રાખવું... **'કોઈની બહુ નજીક ન જવું અને કોઈને બહુ દૂર ન કરવા.'**

કોઈની એટલાં નજીક પણ ન જવું, જેથી એ દૂર થાય ત્યારે આપણે દુ:ખી થઈએ અને કોઈને એટલાં દૂર ન રાખવા કે એ દુ:ખી થઈ જાય.

દરેક વ્યક્તિની લાઈફમાં અમુક વ્યક્તિઓ તો એવી હોય જે ખૂબ જ નજીક હોય, પણ ચેક કરો શું એ કાયમ માટે નજીક રહ્યાં છે ? અને એ જ્યારે દૂર થયાં ત્યારે તમે ખુશ થયાં કે દુ:ખી થયાં ?

મોહનો ક્ષય કરવાનું લક્ષ્ય હોય તો પહેલેથી જ કોઈને નજીક લાવવાની ભૂલ ન કરવી.

જૈન ઉપદેશ ગ્રંથ આગમમાં કીર્તિધર રાજા અને રાણી શ્રીદેવીની વાત આવે છે. જે સમયે રાજા પરમાત્માના સાંનિધ્યમાં આવે છે અને સત્ય સમજાતાં સંયમનો સ્વીકાર કરે છે ત્યારે રાણી શ્રીદેવી જે રાજાની ખૂબ જ નજીક હોય છે તે અત્યંત દુ:ખી થઈ જાય છે, દુ:ખના કારણે તેનામાં આવેગ, આક્રોશ અને ઉદ્વેગ આવે છે. પરિણામે જેટલો તીવ્ર રાગ હતો તેટલો જ તીવ્ર દ્વેષ થાય છે અને મનમાં ને મનમાં સંકલ્પ કરે છે, મારા દીકરાને ક્યારેય એમની નજીક નહીં જવા દઉં.

વર્ષો વીતી ગયાં. દીકરો યુવાન થઈ ગયો. ત્યાં જ એક દિવસ મુનિ બનેલાં કીર્તિધર વિહાર

કરતાં કરતાં એ જ નગરમાં આવ્યાં. રાણીએ દૂરથી એમને જોયાં અને ભૂતકાળનો ક્રોધ અને દ્વેષ ફરી જાગૃત થઈ ગયાં. સૌનિકોને હુકમ કર્યો આ મુનિને નગરની બહાર મૂકી આવો એને દેશ નિકાલ કરી ધ્યો. એનો પડછાયો પણ આ નગરમાં પડવો ન જોઈએ.

આ એ જ રાણી છે જે એક સમયે રાજા વિના એક ક્ષણ પણ રહી શકતી ન હતી. રાજાનું નામ પડે કે રાજાને જુએ અને તેના રોમ રોમ રોમાંચિત થઈ જતાં, તે રાજાને અત્યંત પ્રેમ કરતી હતી.

પ્રેમ જ્યારે અતિ થાય છે, ત્યારે દુ:ખ પણ અતિ થાય છે.

માટે જ કોઈ એટલું નજીક ન હોવું જોઈએ કે જેમના જવાથી દુ:ખી દુ:ખી થઈ જવાય.

પર્યુષણ એ માત્ર સામાયિક, પ્રતિક્રમણ કે ઉપવાસના ઉપદેશ માટે નથી. પર્યુષણ આઠ દિવસની આરાધના માટે નથી, પર્યુષણ તો ત્રણસોને પાંસઠ દિવસની જીવનશૈલીની સમજ માટે છે.

જેનું કોઈ નજીક નહીં, તેનું કોઈ દૂર નહીં.

વખાણ કરવાવાળાને પણ નજીક લાવવા નહીં અને વખોડવાવાળાને પણ બહુ દૂર કરવા નહીં, કેમકે, બંને ટેમ્પરરી સર્ટીફીકેટવાળા છે. જાન્યુઆરીમાં તેના માટે જે અભિપ્રાય હતો, ફેબ્રુઆરીમાં તે બદલાય પણ શકે છે.

આજે તમારા નામની ધજા ફરકાવવાવાળા આવતી કાલે તમારા નામનો ધજાગરો પણ કરી શકે છે, દરેકના દરેક અભિપ્રાય ક્ષણિક જ હોય છે.

જે રાણી સ્વામીનાથ, સ્વામીનાથ, કરતાં થાકતી ન હતી, તે જ રાણી આજે દેશ નિકાલનો હુકમ આપે છે.

વૃધ્ધ દાસી જ્યારે આ સમાચાર સાંભળે છે ત્યારે તેને રડવું આવી જાય છે. તેને રડતી જોઈ શ્રીદેવીનો દીકરો સુકોશલ કારણ પૂછે છે ત્યારે દાસી બધી વાત કરે છે.

સુકોશલને થાય છે, અરે ! મારા પિતાશ્રી મારા નગરમાં ! મારે એમના દર્શન કરવા છે, એમને મળવું છે અને એ મારતે ઘોડો ત્યાં પહોંચી જાય છે.

શાંત અને સૌમ્ય મુનિને જોઈ દીકરાના હૃદયમાં અત્યંત અહોભાવ જાગે છે.

સંત એ જ કહેવાય, જેમના વોઈસ કરતાં વાઈબ્રેશન્સ્ વધારે અસરકારક હોય, જેમની આકૃતિ કરતાં આત્મીયતા વધારે દર્શનીય હોય. જેમના સાંનિધ્યમાં શીતળતા અને શૂન્યતા સર્જવાની ક્ષમતા હોય.

સુકોશલને ત્યાં ને ત્યાં વિચાર આવવા લાગ્યા.

એક તરફ રાજમહેલના સુખો છે અને એક તરફ આ પરમ શાંત સાંનિધ્ય છે. એક તરફ સાધન સામગ્રીનો વૈભવ છે અને એક તરફ આત્મગુણોનો વૈભવ છે.

તે તરતજ નિર્ણય લઈ લે છે અને બે હાથ જોડી વિનયપૂર્વક વંદન કરી કહે છે, 'હે મુનિરાજ ! જો મારામાં યોગ્યતા હોય તો મારે આપના ચરણ અને શરણમાં રહેવું છે'.

એક જ વારના દર્શન અને હૃદયનું પરિવર્તન ! કહેવાય છે કે, એ ત્યાં ને ત્યાં દીક્ષા લઈ મુનિ સાથે વિહાર કરે છે.

રાણીને સમાચાર મળે છે અને એનો ક્રોધ બેકાબૂ બની જાય છે. પહેલાં પતિ અને હવે પુત્ર ! ક્રોધની આગ તો લાગેલી જ હતી. એમાં પેટ્રોલ પૂરાયું એટલે ભડકો થયો. તે ગુસ્સાને સહન ન કરી શકી. આમથી તેમ ક્રોધાવેશમાં ચાલતાં-ચાલતાં થાંભલા સાથે માથું ભટકાણું અને ત્યાં ને ત્યાં મૃત્યુને શરણ થઈ ગઈ.

ક્રોધ અને આવેશમાં વ્યક્તિ ભાન ભૂલી જાય છે. રાણી મૃત્યુ પામીને વાઘણ બની. જંગલમાં મોટી થવા લાગી.

એક દિવસ મુનિ બનેલાં પિતા-પુત્ર વિહાર કરતાં કરતાં એ જ જંગલમાંથી પસાર થાય છે. દૂરથી વાઘણ બનેલી રાણી બંનેને જુએ છે.

હવે શું થશે ?

તમને એમ હોય કે આ વ્યક્તિ તમને પહેલી વાર મળી છે, આ સંત... આ ગુરુ પહેલીવાર મળ્યાં છે, છતાં આટલી આત્મીયતા આટલો સ્નેહ ! ના, આ પહેલીવાર નથી મળ્યાં. જેમની સાથે ભવોભવનો સંગાથ હોય તેમના માટે જ આત્મીય ભાવ હોય. મળવા પાછળ કંઈક હેતુ હોય. જનમ જનમનું કનેક્શન હોય.

આવું જ ભવોભવનું કનેક્શન હતું બંને મુનિનું વાઘણ સાથે !

કનેક્શન ભક્તિનું હોય, પ્રેમનું હોય અથવા આક્રોશ અને નફરતનું હોય.

વાઘણે જેવા બંને મુનિને જોયાં એની અંદરનો આક્રોશ બહાર આવ્યો. ભૂતકાળની ફાઈલ્સ ખુલવા લાગી અને એણે સીધી તરાપ મારી કીર્તિધર મુનિ ઉપર અને એને ખાઈ ગઈ. સુકોશલ મુનિ શાંતિ ભાવે નમસ્કાર મંત્રનુ સ્મરણ કરી રહ્યાં છે, કેમકે એમને સમજાય ગયું હવે કોઈ રસ્તો જ નથી. ત્યાં તો વાઘણે તેના ઉપર તરાપ મારી તેનું ખૂન પીવા લાગી.

કર્મનું ગણિત પણ કેવું છે !

જે બાળકને દૂધ પાયું હતું, આ જ તેનું જ ખૂન પીવા તૈયાર થઈ ગઈ.

તમે જ્યારે રાગમાં બંધાવ છો ત્યારે ઓટોમેટિક દ્વેષમાં બંધાય જાવ છો.

જગતનો એક પણ સંબંધ એવો નથી જે

રાગમાંથી દ્વેષમાં પરિણમતો ન હોય.

સંબંધ માત્ર પહેલાં રાગ જન્માવે છે અને અંતે એ જ સંબંધ દ્વેષમાં પરિણમે છે.

માટે જ, ન કોઈને નજીક લાવવા કે ન કોઈને દૂર કરવા, જેના કારણે દુ:ખી થવું પડે.

તમારું દુ:ખ તમારા સ્વાસ્થ્ય માટે નુકશાનકારક બને છે.

પર્વાધિરાજ પર્યુષણ આ જ સંદેશ આપે છે. **તીર્થંકર પરમાત્માએ અહિંસાના પર્યુષણ કરતાં પણ ક્ષમાના પર્યુષણનું મહત્ત્વ વધારે બતાવ્યું છે.** કેમકે, જેનામાં ક્ષમા નથી, પ્રેમ નથી, મૈત્રી નથી, જેની અંદરમાં દયા, કરૂણા અને અનુકંપાના ભાવો નથી તે જીવતા હોવા છતાં તેનામાં જીવંતતા નથી, તે જીવતી લાશ સમાન છે.

જેનામાં દ્વેષ પડેલો છે તે પણ જીવતી લાશ સમાન છે. દ્વેષનું કારણ મોહ છે.

મોહનો ક્ષય થઈ જાય તેનું નામ મોક્ષ છે અને મોહનો ક્ષય કરવાની માસ્ટર કી છે.

ન કોઈ મારી નજીક, ન કોઈ મારાથી દૂર !

બધાં મારી નજીક છતાં હું કોઈની નજીક નહીં, એનું નામ સાધક દશા !

ક્યાંય કોઈની સાથે એટેચમેન્ટ નહીં.

મુક્તિનો મિનીંગ જ છે એટેચમેન્ટલેસ અવસ્થા. રહેવું બધાં સાથે પણ ભળવું કોઈનામાં નહીં.

સામાયિક, પ્રતિક્રમણ, ઉપવાસ, આયંબિલ, માળા જાપ એ બધું કરો એ શ્રેષ્ઠ છે પણ જો એ કાંઈ ન કરી શકો તો એક જ વસ્તુ કરવાની, અલિપ્ત રહેવાનું !

સંસારમાં રહીને પણ સાધુત્વની અનુભૂતિ માટે એક જ નિયમ છે અલિપ્ત ભાવ !

કાદવની વચ્ચે કમળની જેમ રહેવું એ છે શ્રાવક અવસ્થામાં સાધુત્વની જીવન શૈલી !

કોઈને નજીક લાવવામાં અને કોઈને દૂર કરવામાં જ ભવોભવથી કર્મો બાંધીએ છીએ એટલે જ મુક્તિ મળતી નથી.

માનવ મનની માનસિક્તાના કારણે વ્યક્તિને વધુ ને વધુ વિચારો સંયોગોના જ આવતા હોય છે. માટે જ ભગવાન કહે છે, સંયોગોથી જે મુક્ત થાય છે તે મોક્ષને પામે છે.

સંયોગો ત્રણ પ્રકારના હોય છે :

શરીર, સંબંધ અને સાધના.

શરીર છૂટી શકે તેમ નથી માટે તેને સાચવો, પણ પંપાળો નહીં અને સંબંધો અને સાધનોને ધીમે ધીમે છોડતા જાવ.

ભગવાન મહાવીરનો એક જ ઉપદેશ છે :

તમે સંસારનો ત્યાગ કરો અથવા તમારામાંથી સંસારનો ત્યાગ કરો.

સંસાર છોડવો એ ભગવાન મહાવીરનો રસ્તો છે અને તમારામાંથી સંસાર છૂટવો એ મહાવીરનો બતાવેલો રસ્તો છે.

ભગવાન મહાવીરના રસ્તે કદાચ બધાં ન જઈ શકે પણ ભગવાન મહાવીરે બતાવેલાં રસ્તે તો બધાં જ જઈ શકે ને ! અને એ જ જૈન હોવાની સાર્થક્તા છે.

મોક્ષમાં એ જ ગયાં છે, જેમણે સંસાર છોડયો છે અથવા જેનામાંથી સંસાર છૂટયો છે.

નાવ પાણીની બહાર હોવી જોઈએ અથવા નાવમાંથી પાણી બહાર હોવું જોઈએ.

મુક્તિ એટલે આસક્તિથી મુક્તિ !

જેની આસક્તિ છૂટે છે તે જ વ્યક્તિ પરમાત્માના માર્ગ પર આગળ વધી શકે છે. કાયાથી ધર્મ કરવો કે વેશનું પરિવર્તન કરવું સહેલું છે પણ અંદરમાંથી રાગને ઘટાડવો, દ્વેષને ઘટાડવો, અભિપ્રાયોથી મુક્ત થવું એ ખૂબ જ અઘરૂં છે અને એ જ સાચો ધર્મ છે.

પણ આપણી ખોટ છે. **આપણે સાચા છીએ, એવું સર્ટીફીકેટ ભગવાને આપણને આપ્યું નથી અને છતાંય આપણે બીજા ખોટાં છે એવું સર્ટીફીકેટ આપ્યાં વિના રહેતાં નથી.**

આપણે એક જ કામ કરવાનું છે.

કોઈ સાથે વધારે કનેક્શન રાખવું નથી. જ્યાં કનેક્શન જ ન હોય ત્યાં રીએક્શન ક્યાંથી હોય ! રાગ જ નહીં તો દ્વેષ ક્યાંથી આવે ! રાગ છૂટે એટલે મોક્ષના દ્વાર ખૂલે !

પર્યુષણ મહાપર્વ

શા માટે છે ?

ઘણીવાર એવું બને કે, આપણે કોઈ કાર્યમાં જોડાઈએ, કાર્ય પૂર્ણ પણ થઈ જાય પણ આપણને ખબર જ ન હોય કે એ કાર્ય શા માટે હતું ? એનું લક્ષ્ય શું હતું ? એમ વર્ષોથી પર્યુષણ પર્વ ઉજવીએ છીએ, સાધના-આરાધના કરીએ છીએ, આઠ દિવસ કંઈક અલગ જ ભાવ અને અલગ જ રીતે પસાર કરીએ છીએ, પણ નવમાં દિવસે પાછા જેવા હતાં એવાં જ થઈ જઈએ છીએ, શા માટે ?

કેમકે, તમે પર્યુષણને સમજપૂર્વક લક્ષ્ય સાથે ઉજવતાં નથી, પરંપરાને અનુસરો છો.

પર્યુષણ હૃદયમાં ભરાયેલાં અવગુણોના પ્રદુષણને દૂર કરવા માટે હોય છે, પર્યુષણ આત્માને શુધ્ધ કરવા માટે હોય છે, મન, વચનને શુધ્ધ, વિશુધ્ધ અને પરિશુધ્ધ કરવા માટે હોય છે.

જેમ એક બાળક બહાર શેરીમાં રમીને ધૂળ-માટીવાળું થઈને આવે અને મા એને બાથરૂમમાં લઈ જઈ સ્નાન કરાવી, સ્વચ્છ કરીને લઈ આવે, તેમ પર્યુષણ ક્રોધ, માન, માયા, લોભ, ઈર્ષ્યા, અદેખાઈ, કપટ આદિથી મલિન થયેલાં આત્માને શુધ્ધ કરવા માટે છે.

સ્નાન કરીને નીકળેલો બાળક કેટલો સ્વચ્છ લાગે અને એનો ચહેરો કેટલો ચમકતો લાગે ?

શું પર્યુષણમાં શુધ્ધ થયાં પછી તમારો આત્મા ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, પ્રેમ અને મૈત્રીથી ચમકતો લાગે છે ? તમારા ચહેરા પર સદ્‌ગુણોનું પ્રતિબીંબ દેખાય છે ? તમારા ચહેરા પર ભાવ અને ભક્તિની ચમક જણાય છે ?

ના ! કેમકે, તમારા પર્યુષણ રૂટિન પ્રમાણેના હોય છે.

પર્યુષણ એ બહારની દુનિયાનું પર્વ નથી, પર્યુષણ એ આંતરિક સમજને પ્રગટાવવાનું પર્વ છે.

જગતના બધાં જ પર્વો બહારના વાતાવરણને અનુસરે છે, જ્યારે પર્યુષણ આંતરિક અને આત્મીક મનોવલણને અનુસરે છે.

પર્યુષણ સમજને વધારવા માટે હોય છે. જેમ-જેમ સમજ વધે તેમ-તેમ જીવનમાં સુખ અને શાંતિ વધે છે.

અણસમજુ લોકો સો સુખની વચ્ચે પણ જો એક દુ:ખ આવી જાય તો દુ:ખી દુ:ખી થઈ જાય, જ્યારે સમજુ લોકો સો દુ:ખની વચ્ચે પણ એક માત્ર સુખ મળી જાય તો પણ સુખી સુખી થઈ જાય.

સમજ વ્યક્તિને સુખી કરે છે.

અણસમજ વ્યક્તિને દુ:ખી કરે છે.

સમજ સમતા અને સમભાવને વધારે છે.

અણસમજ અહમ્ અને અવગુણોને વધારે છે.

જે દિવસે તમારામાં ક્ષમા, નમ્રતા, કરૂણા અને સદ્‌ગુણો વધતા જણાય તે દિવસે માનવું કે, તમારી સમજ વધી છે.

જે દિવસે સમજ વધે છે, તે દિવસે ધર્મની અનુભૂતિ થાય છે.

પર્યુષણ પર્વ સમજને વધારી, ધર્મની અનુભૂતિ કરવા માટે હોય છે.

પર્યુષણ પર્વ અજ્ઞાનને દૂર કરી જ્ઞાનને પ્રગટાવવા માટે હોય છે.

સમજથી શાંતિ પ્રગટે અને પ્રગટેલી શાંતિ માત્ર આઠ દિવસ માટે જ ન હોય, કાયમ માટે હોય.

ભાવથી બનાવીએ ભાવિને ભવ્ય !

જૈન દર્શનમાં પ્રતિક્રમણ એ એક આવશ્યક છે. આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય !

પ્રતિક્રમણ એટલે પાપથી પાછા ફરવું અને પાપથી પાછા ફરવા માટે પ્રતિક્રમણ એ પરમાત્માની આજ્ઞા છે.

સવાર-સાંજનું પ્રતિક્રમણ, દિવસ સંબંધી પ્રતિક્રમણ, પંદર દિવસનું એટલે કે પાખીના દિવસનું પ્રતિક્રમણ, ચોમાસી પાખી એટલે કે ચાર મહિને એક વાર પ્રતિક્રમણ અને એ પણ ન થાય તો દરેક વ્યક્તિએ વર્ષમાં એકવાર એટલે કે સંવત્સરીનું પ્રતિક્રમણ તો અવશ્ય કરવું જ જોઈએ.

પ્રતિક્રમણ કરવાથી શું થાય ? પ્રતિક્રમણ શા માટે કરવાનું ?

જૈન ધર્મ પાસે એક વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ છે, જૈન ધર્મની દરેક ક્રિયા અને દરેક સિધ્ધાંતોમાં તાર્કિક સમાધાન હોય છે.

જ્યારે કોઈ વ્યક્તિ ખોટું બોલે છે, ખોટા કાર્ય કરે છે, અવિવેક ભર્યો વ્યવહાર કરે છે, કોઈ પણ પ્રકારનું પાપ કે હિંસા કરે છે, વ્યભિચાર આચરે છે, અશાતના કરે છે, ત્યારે તેની આસપાસ એક નેગેટીવ એનર્જીનું વર્તુળ સર્જાય જાય છે. એ સર્કલ આપણી આસપાસ ગોળ ગોળ ફર્યા કરે છે અને કર્મોને એટ્રેક્ટ કરે છે.

સવારથી થયેલી ભૂલો, અસત્ પ્રવૃત્તિઓ કે જાણતા-અજાણતાં થયેલાં પાપોનું જો વહેલામાં વહેલું સાંજે પ્રાયશ્ચિત લઈ લઈએ, પ્રતિક્રમણ કરી લઈએ તો કર્મોનો ક્ષય થઈ જાય.

પ્રતિક્રમણમાં નેગેટીવ એનર્જીના સર્કલને કેક કરવાની, તોડી નાંખવાની ક્ષમતા રહેલી છે.

માનો કે, એ જ દિવસે સાંજે પ્રતિક્રમણ કરવાનો સમય ન મળ્યો તો પરમાત્મા કહે છે, પંદર દિવસે એકવાર એટલે પાખીના દિવસે તો પ્રતિક્રમણ કરવું જોઈએ. જેમને પંદર દિવસે પણ સમય ન મળે, તેમણે ચૌમાસી પાખીના તો અવશ્ય પ્રતિક્રમણ કરવું જોઈએ કેમકે, એ અવશ્ય કરવા યોગ્ય ક્રિયા છે. ઘણાં લોકો એવા પણ હોય છે જેમને ચાર મહિનામાં એક વાર પણ પ્રતિક્રમણ માટે એક કલાકનો સમય નથી મળતો તેમના માટે ભગવાને સંવત્સરીનું પ્રતિક્રમણ એટલે કે વર્ષમાં એક વાર અવશ્ય કરવા યોગ્ય પ્રતિક્રમણ બતાવ્યું છે.

364 દિવસ બાંધેલા પાપોને ધોવા માટેનો 365 મો સંવત્સરીનો દિવસ, પાપોને ધોવાનો અને કર્મોનો ક્ષય કરવાનો લાસ્ટ ચાન્સ છે.

કદાચ ઘણાંને વિચાર આવે કે આખા વર્ષના પાપ, આખા વર્ષની ભૂલ, ખોટ, ખામીઓ એક જ દિવસમાં કેવી રીતે ધોવાય જાય ?

જેમ લેઝરના સૂક્ષ્મ કિરણો પથરીને તોડી નાંખે છે, લેઝર કિરણોમાં પત્થરનો પણ ભૂક્કો કરવાની ક્ષમતા છે, તેમ સાચા ભાવથી મુખમાંથી નીકળેલાં 'મિચ્છામિ દુક્કડમ' શબ્દમાં ભૂતકાળના પાપોનો ક્ષય કરવાની ક્ષમતા છે.

એક જ શબ્દમાં આટલી સૂક્ષ્મ શક્તિ સમાયેલી છે.

માનો કે, તમે તમારા મિત્રો સાથે આરામથી ગાર્ડનમાં વોક લેતા હો અને એ જ સમયે તમારા કોઈ જૂના સંબંધી, ભૂતકાળની વાત લઈને તમને એકાદ અપમાનજનક શબ્દ સંભળાવી જાય ત્યારે તમને શું થાય ? ? અથવા તમારા ઘરમાં કોઈ સારો અને શુભ પ્રસંગ ચાલતો હોય અને તમારો કોઈ વેપારી આવીને તમને કંઈક કહી જાય, ત્યારે તમને શું થાય ?

ચૂપચાપ સાંભળી લ્યો કે તમારૂં લોહી ઉકળી જાય ? ગુસ્સો આવી જાય ? ? ગરમ થઈ જાવ ? અકળાઈ જાવ ? ?

જેમ અપશબ્દમાં તમને કોધિત કરવાની, અકળાવવાની, ગરમ કરવાની તાકાત હોય છે, તેમ એક શુભ શબ્દમાં, પરમાત્માના શબ્દમાં, 'મિચ્છામિ દુક્કડમ' જેવા નાનકડાં શબ્દમાં વર્ષભરના પાપને ધોવાની તાકાત હોય છે. તમારી આસપાસ રચાયેલાં નેગેટીવ એનર્જીના સર્કલને તોડવાની તાકાત હોય છે.

આ વાત એ જ સર્વજ્ઞ પરમાત્માએ કહી છે,

જેમની અનેક વાતો અને સિધ્ધાંતોને વૈજ્ઞાનિકો આજે પ્રયોગ દ્વારા પ્રુવ કરે છે. પરમાત્માની એક પણ વાત લોજીક વિનાની નથી, તથ્ય વિનાની નથી.

ભગવાન કહે છે બીજું કાંઈ આવડે કે ન આવડે, સમજાય કે ન સમજાય પણ જ્યારે 'તસ્સ મિચ્છા મિ દુક્કડમ' બોલવાનું આવે ત્યારે ખૂબ જ ભાવથી પસ્તાવાના ભાવથી, રડતા હૃદયે બોલવું જોઈએ.

ભાવથી બોલાયેલો એ એક શબ્દ તમારા ભાવિને ભવ્ય બનાવી શકે છે, તમારા આત્માને શુધ્ધ બુધ્ધ કરી સિધ્ધિ અપાવી શકે છે.

એક સમયે બે મિત્રો યુધ્ધના મેદાનમાં લડી રહ્યાં હોય છે, લડતાં લડતાં બંને મિત્રોને તીર વાગે છે અને ઘવાય જાય છે. એક મિત્ર જેનું નામ વરૂણ નાગનટવા હોય છે તે જૈન હોય છે, તે સમજી જાય છે કે હવે અંત સમય આવી ગયો છે એટલે સંથારા સાથે પ્રતિક્રમણની આરાધના કરવા લાગે છે. જ્યારે એનો અજૈન મિત્ર એનાથી થોડે દૂર ઘવાયેલો પડયો છે. એ મિત્રની ક્રિયાઓને જુએ છે એને ખબર નથી કે મિત્ર શું કરી રહ્યો છે ? એને સમજ નથી કે મિત્ર શું કરે છે ? એટલે એ હૃદયના ઊંડાણથી, ખૂબ જ ભાવથી પરમાત્માને પ્રાર્થના કરતાં એટલું જ કહે છે: હે ભગવાન ! આણું, તાણું કાંઈ ન જાણું, મિત્રનું વચન પરમાણું !!

અર્થાત્ હે પરમાત્મા ! મારો મિત્ર શું બોલે છે અને શું કરે છે એની મને નથી કોઈ ખબર કે નથી કોઈ સમજ... પણ આ અંતિમ સમયે એ જે ધર્મ કરે છે, એ જ મારા ભાવ છે, એટલે જે એમનું થાય એ મારૂં થજો. !

યુધ્ધના મેદાનમાં મૃત્યુ પામીને જ્યારે અનેક લોકો દુર્ગતિમાં ગયા ત્યારે આ મિત્ર માત્ર **'જે એનું થાય તે મારૂં થજો',** આટલું બોલીને સદ્ગતિને પામ્યો.

પ્રતિક્રમણ એ આત્માને શુધ્ધ કરવાની પ્રોસેસ છે. પ્રતિક્રમણ એ સદ્ગતિ અપાવવાનું કારણ છે.

ઘણાં કહેતાં હોય છે કે અમને તો પ્રતિક્રમણ આવડતું નથી, પ્રાકૃત ભાષાના શબ્દો સમજાતા નથી, તો પછી પ્રતિક્રમણ કરવાનો શું ફાયદો ?

તમે જે અનાજ, ફળ આદિ રોજ ખાવ છો, શું તમને ખબર છે ક્યા અનાજમાં કેટલાં પ્રોટીન છે અને ક્યા ફળમાં કેટલાં વિટામીન્સ છે ? છતાં તમે ખાવ છો અને તમારા શરીરમાં એની અસર થાય છે ને !

તેમ ભગવાન મહાવીરના આ પ્રતિક્રમણમાં શું તથ્ય છે, શું સત્ય છે એ સમજ પડે કે ને પડે પણ એટલી તો સમજ પડે જ છે કે આ પ્રતિક્રમણ મારા પાપોને ધોનારૂં તત્ત્વ છે એટલે એને ધ્યાનથી સાંભળવું જોઈએ અને ભાવથી 'તસ્સ મિચ્છા મિ દુક્કડમ' એટલે કે મારા પાપ મિથ્યા થાઓ, એમ બોલવું જોઈએ.

પસ્તાવાના ભાવથી, પાપ... પાપ છે અને મારાથી થયું છે એ રીયલાઈઝેશનથી, હૃદયથી બોલાયેલા 'મિચ્છામિ દુક્કડમ' ની અસર આત્માને થયા વિના રહે જ નહીં.

પ્રતિક્રમણ એ આવશ્યક સૂત્ર છે અને સંવત્સરી પ્રતિક્રમણ એ શ્રાવકનું પરમ કર્તવ્ય છે. સાધુઓ માટે તો રોજનું અને રોજ સવાર-સાંજનું પ્રતિક્રમણ ફરજિયાત હોય છે, જ્યારે શ્રાવક માટે રોજ ન થાય તો પંદર દિવસે, ચાર મહિને અથવા સંવત્સરીના દિવસે કરવું જરૂરી હોય છે.

જે સંવત્સરી પ્રતિક્રમણ કરે છે તેનું જૈનત્ત્વ ટકી રહે છે.

પ્રતિક્રમણમાં પરમાત્માએ છ પ્રકારના આવશ્યક બતાવ્યાં છે.

જૈન દર્શનમાં આજ્ઞાનું અત્યંત મહત્ત્વ છે. ધર્મની કોઈ પણ આરાધના કે અનુષ્ઠાન કરવા હોય તો પહેલાં પરમાત્મા કે ગુરુની આજ્ઞા લેવી જરૂરી હોય છે, એટલે સર્વ પ્રથમ પ્રતિક્રમણનો પ્રારંભ કરતાં પહેલાં 'આજ્ઞા' લેવાની હોય છે.

એટલે પહેલો જ પાઠ આજ્ઞાનો પાઠ છે.

હે ભગવાન ! આપની આજ્ઞા હોય તો મારે પ્રતિક્રમણ કરવું છે.

ત્યાર બાદ ભૂલો કે દોષોનું સેવન થયું હોય તે માટે ગુરુ કે પરમાત્માની સાક્ષીએ ક્ષમાપના કરવાની હોય છે. વંદના કરી, ચરણ સ્પર્શ કરવા માટે વિનય પૂર્વક આજ્ઞા લેવામાં આવે છે.

ગુરુની પાસે સાડા ત્રણ ફૂટના અવગ્રહમાં આજ્ઞા વિના જવાય નહીં. કેમકે સાધુ સંયમી અને ત્યાગી હોય છે જ્યારે સંસારી ભોગી અને વિલાસી હોય છે, એટલે સંસારી જ્યારે સંતના અવગ્રહમાં આજ્ઞા વિના આવે તો સંતના સંયમના અને પોઝીટીવ વાઈબ્રેશન્સ્ ડીસ્ટર્બ થઈ શકે છે.

જ્ઞાન, જ્ઞાની કે જ્ઞાનના સાધનો પ્રત્યે અવિનય કે અશાતના થયા હોય કે પછી દેવ, ગુરુ કે ધર્મની અવહેલના કરી હોય, એ બધાંથી મુક્તિ મેળવવા માટે પણ પ્રતિક્રમણ કરવું જરૂરી છે.

હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહનું સેવન થયું હોય, દિશાની મર્યાદાનું ઉલ્લંઘન થયું હોય, ભોગ, ઉપભોગ કે અનર્થ દંડનું પાપ લાગ્યું હોય, સામાયિક દસમું વ્રત આદિ આધ્યાત્મિક અનુષ્ઠાનોમાં કોઈ ભૂલચૂક થઈ હોય, પૌષધની આરાધનામાં અવિનય થયો હોય, સાધુ-સાધ્વીજીને વ્હોરાવવામાં અવિવેક થયો હોય,

આવી કોઈ પણ પ્રકારની ક્ષતિઓ અને પાપના નિવારણ માટે પ્રતિક્રમણ કરવું જરૂરી છે.

પ્રતિક્રમણ દરમ્યાન મૃત્યુને સુધારવા માટે સંથારાની ભાવના ભાવવાની પણ પ્રેરણા કરવામાં આવી છે.

અઢાર પ્રકારના પાપ સ્થાનક, પચીસ પ્રકારના મિથ્યાત્ત્વ અને ચૌદ પ્રકારના સમૂર્ચ્છિમ મનુષ્ય સંબંધી કોઈ પાપ-દોષ લાગ્યો હોય, તેમની વિરાધના થઈ હોય તો તેમની ક્ષમા માંગવા માટે પ્રતિક્રમણ કરવું જોઈએ.

સમૂર્ચ્છિમ મનુષ્ય એટલે આપણી જેવા જ આંખ, નાક, કાન અને મુખવાળા મનુષ્ય જે આપણા યુરિન, કફ, સળેખમ આદિમાં ઉત્પન્ન થાય છે. યુરિનના એક ટીપામાં 48 મિનિટમાં લાખો મનુષ્ય ઉત્પન્ન થાય અને મૃત્યુ પામે.

પ્રતિક્રમણ દરમ્યાન વચમાં માંગલિકનું શ્રવણ કરવામાં આવે છે, પાપ-દોષોની પરમાત્મા સમક્ષ રજૂઆત કરી ક્ષમા માંગવાની સાથે અહમ્ ઓગાળતી મંગલ ભાવના માટે માંગલિક હોય છે.

ધર્મ પ્રત્યે અશ્રધ્ધા થઈ હોય તે માટે શ્રમણ સૂત્ર હોય છે. પંચ પરમેષ્ઠિના અરિહંત પરમાત્મા, સિધ્ધ પરમાત્મા, આચાર્યજી, ઉપાધ્યાયજી અને સાધુ-સાધ્વીજી અને શ્રાવક-શ્રાવિકાઓ પ્રત્યે અવિનય-અશાતના થયા હોય તો તેમની હૃદયપૂર્વક માફી માંગવા માટે પ્રતિક્રમણ કરવું જરૂરી હોય છે.

આખા વર્ષ દરમ્યાન લાગેલાં પાપોના પ્રાયશ્ચિત માટે વીસ અથવા ચાલીસ લોગસ્સનો કાઉસ્સગ કરવામાં આવે છે અને અંતમાં કોઈ પણ એક વસ્તુ કે પદાર્થના ત્યાગના પચ્ચક્ખાણ કરવામાં આવે છે.

આમ ભાવપૂર્વક વિધી-વિધાન અનુસાર પ્રતિક્રમણની આરાધના કરવાથી સમ્યક્ રૂપે પરિણમે છે, ભૂલો, દોષો, પાપ અને ક્ષતિઓની ક્ષમા માંગવાથી આત્માની શુધ્ધિ થાય છે, આત્મા નિર્મળ બને છે અને શુધ્ધ આત્મા મનને શાંત અને ચિત્તને પ્રસન્ન રાખે છે.

પ્રતિક્રમણની આરાધના દ્વારા વર્ષભરના પાપ ધોવાય છે અને ભવિષ્યમાં પણ આવી ધર્મ આરાધનામાં જોડાઈ પાપોની વિશુધ્ધિ કરતાં કરતાં, જૈનત્ત્વ અને ભગવાન મહાવીરના આ ધર્મને અંતરથી અનુભવીએ અને મોક્ષ માર્ગમાં આગળ વધીએ એવા મંગલ ભાવો સાથે પ્રતિક્રમણની આરાધના કરવી જોઈએ.



હે પ્રાણપ્યારા ગુરુદેવ !

આપના ચરણ અને શરણમાં,

આપના અનંત ઉપકારોના ઋણને ચૂકવવા,

હે અમૂલ્ય પ્રભુજી ! આપની પ્રસન્નતાને પામવા,

મૂલ્યવાન ભેંટ સૌગાદો સાથે લઈ દોડી આવ્યાં...

પરંતુ **હે પૂર્ણચંદ્રસમાન !**

આપ તેજસ્વીના દર્શન થતાં જ અમે અનુભવ્યું કે...

- આપના **પરમ સંસ્કારોની** સંપત્તિ સામે- અમારી ધનસંપત્તિ તુચ્છ દેખાવા લાગી.
- આપના બિરાજવાથી **દેદિપ્યમાન બનેલાં સ્થાનકોની ભવ્યતા** સામે - અમારા વૈભવી બંગલાઓ ઝૂંપડા દેખાવા લાગ્યાં.
- આપના નયનોના **મણિનેત્રની ચમક** સામે- અમારા ડાયમંડની ચમક ઝાંખી દેખાવા લાગી.
- આપના **No Hit - No Hurt** ના ઉચ્ચગુણોથી ભરેલી જીવનશૈલીની સામે - અમારી high educated ગણાતી hi-fi lifestyle અભણ ગમાર જેવી દેખાવા લાગી .

હે પરમાત્મરૂપ ગુરુદેવ !

દેવોને પણ **દુર્લભ, પરમ ગુણોથી** યુક્ત, **પવિત્રતાથી** છલોછલ **દિવ્ય વૈભવને** જોઈને,

અમારા અહંકારોથી યુક્ત અમારી આવી તુચ્છ ભેંટોને ફેંકી, સાવ ખાલી હાથે, દીન-હીન બની, ઉપકારભાવે, ભાવવિભોર નયને

તવ ચરણ પૂજન કરી, ગુરુદક્ષિણા રૂપે, અમારામાં રહેલી શ્રધ્ધા અને ભક્તિની ભેંટ ધરીએ છીએ !

સ્વીકાર કરો, હે ઉપકારી ! સ્વીકાર કરો...

શ્રી કાંતિભાઈ શેઠ પરિવાર - રાજકોટ

|| મારા માટે મારા ગુરુદેવ ||

કલ્પવૃક્ષને સામાન્ય વૃક્ષ માનનારાને, છાંયડા સિવાય કશું પ્રાપ્ત થતું નથી
અને એજ કલ્પવૃક્ષને દૈવી વરદાન માનનારાને, જીવનમાં કયારે કોઇ પાસે માંગવુ પડતુ નથી.

ગુરુ એજ હોય, જે વ્યક્તિ નહીં, પણ ગુણ સ્વરૂપ વ્યક્તિત્ત્વ હોય.

બે નયનથી એમના દર્શન કરીએ તો દૈહિક આકૃતિ દેખાય, પણ ભક્તિથી, ભિંજાયેલા હૃદયથી એમને નિહાળીએ તો, આત્મગુણોનો એક મહાસાગર અનુભવાય!

જેમ સમુદ્રનું પાણી કયારેય ખુટતું નથી, તેમ મહાપુરૂષોના ગુણો કયારેય ખુટતા નથી. સાગરની દરેક બુંદમા સમસ્ત સાગર સમાયેલો છે. એવી જ રીતે, **ગુરુના જીવનની પ્રત્યેક ક્ષણ એમના અસંખ્ય ગુણોનું પ્રતિબિંબ છે.**

એમના અનુશાસનમાં કરૂણા, એમની સિધ્ધિમાં સરળતા, એમની વાણીમાં સત્ત્વ, એમની દ્રષ્ટિમાં vision, જે હર એક શિષ્ય હૃદય પોતાના જીવનમાં પ્રતિપળ અનુભવ કરે જ છે !

મેં અનુભવ્યા મારા ગુરુદેવને... મારા માટે મારા ગુરુદેવ !

ચાર મહિના પરમધામ ચાતુર્માસમાં, સેવાનો અપૂર્વ લાભ પ્રાપ્ત થયો હતો. અંતના દિવસોમાં ગુરુદેવએ અચાનક એક દિવસ મને કહ્યું 'તારે રાજકોટ જવાનું છે' મારે જવું ન હતું. મનના વિકલ્પોને જાણી ગુરુદેવશ્રીએ ફરી કહ્યું 'તારે રાજકોટ જવાનું છે અને હું તને સમજીને કહું છું.' આજ્ઞા સ્વીકારી 19th Nov - 2016 ના હું રાજકોટ ઘરે પહોંચી, અને 20th Nov - 2016 ના મારા વર - તુષારને Heart attack આવ્યો, ત્યારે ઘરમાં માત્ર હું અને તુષાર જ હતા. જો ગુરુદેવએ મને જવા ન કહ્યું હોત તો ? જો હું ન પહોંચી હોત તો ? જો હું એક દિવસ પણ late પહોંચી હોત તો ?

જે શરણાગત હોય તેને કદી કોઇ ચિંતા ન હોય. કારણ કે, ગુરુ તે ન માત્ર શિષ્યની આત્મિક care કરે પણ ગુરુ તે શિષ્યને પોતાના દરેક કર્તવ્યનું પાલન પણ કરાવે.

- શ્રી સેજલબેન મહેતા, રાજકોટ

હે આત્મગુણોના સ્વામી !

મારા અનુભવની અભિવ્યક્તિ, અન્ય માટે પ્રભાવક બને, અહોભાવ જન્માવે અને આપના દર્શન પામવાની તાલાવેલી પ્રગટાવે, એજ ભાવના !

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનકવન ઉપર, એક એવા મહાગ્રંથનું સર્જન થવા જઇ રહ્યું છે, જેમાં પ્રત્યેક ભક્ત ભક્તહૃદય ગુરુ માટેની ગૌરવગાથા સ્વયંના અનુભવ સ્વરૂપે વ્યક્ત કરશે. મારા ગુરુના ગુણોની LIBRARY મા, મારા અનુભવનું એક પૃષ્ઠ...

પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની આપની શ્રધ્ધા, આપના અનુભવ...
આપ Whatsapp દ્વારા, Voice note, Video or Text Message દ્વારા share કરી શકો છો.

Whatsapp No
+91 7303 000777

...ગુરુ ગુણચાહક બની, ગુરુ ગુણવાહક બનવાનો અપૂર્વ અવસર...

તમારી દૃષ્ટિ...
અમારી દૃષ્ટિ !

આ શું છે ? પેપર વેઈટ !

તમારી દૃષ્ટિમાં એક **પેપર વેઈટ** છે અને અમારી દૃષ્ટિમાં **પ્રભુ વેઈટ** છે ! કેવી રીતે ?

પેપર વેઈટ શા માટે હોય ?

જ્યાં પેપર્સ મૂકયાં હોય અને ત્યાં હવા આવતી હોય, ત્યારે તે હવાના કારણે પેપર્સ ઊડી ન જાય તે માટે તેના પર પેપર વેઈટ મૂકવામાં આવે. **આ થઈ તમારી દૃષ્ટિ !**

અમારી દૃષ્ટિમાં આ પ્રભુ વેઈટ છે, એટલે અમે પ્રભુને પ્રાર્થના કરીએ, **આ સંસારના વાવાઝોડામાં અમારા સંયમના ભાવો ઉડી ન જાય, તે માટે આપ પ્રભુ તરીકે, ગુરુ તરીકે અમારા આત્મભાવો પર અનુશાસનનું વેઈટ રાખજો !**

બંનેની દૃષ્ટિમાં ફરક છે ને !

સમ્યક્ દૃષ્ટિ અને મિથ્યા દૃષ્ટિમાં આટલો જ ફરક હોય છે.

ભગવાન મહાવીરે શ્રી આચારંગ સૂત્રમાં દર્શાવ્યું છે, હે આત્મન્ ! તું જ્યાં-જ્યાં દૃષ્ટિ કર, તેમાંથી તું સત્યને પ્રાપ્ત કર !

સમ્યક્ દૃષ્ટિવાળા સત્ય તરફ દૃષ્ટિ કરે,
મિથ્યા દૃષ્ટિવાળા પુદ્ગલ તરફ દૃષ્ટિ કરે.

જેને પુદ્ગલનું, પદાર્થનું પેપર વેઈટ દેખાય, તે મિથ્યા દૃષ્ટિ છે. જેને તેમાં ગુરુનું, પ્રભુનું સ્વરૂપ દેખાય, તે સમ્યક્ દૃષ્ટિ છે.

તમારી પાસે જો સમ્યક્ દૃષ્ટિ હોય તો, સંસારમાં રહીને પણ, સંસારના દરેક પાત્રોને અને દરેક પદાર્થને જોવાની તમારી દૃષ્ટિ કંઈક અલગ જ હોય !

જેવી તમારી દૃષ્ટિ હોય
એવી તમને સૃષ્ટિ દેખાય !

દૃષ્ટિ બદલાય તો સૃષ્ટિ બદલાય જાય !

ગુરુદેવ ! આપના જેવી સમ્યક્દૃષ્ટિ અમારામાં પ્રગટે એવી કૃપા કરજો !

સૌજન્ય : ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર, ઘાટકોપર મુંબઈ

ज्ञानगंगामय चातुर्मास 2019
ज्ञानનો પાવન પ્રવાહ વહેશે

ચાતુર્માસ મંગલ પદાર્પણ

એવમ્

અવલાણી આરાધનાલય ઉદ્‌ઘાટન સમારોહ

અષાઢી બીજ, ગુરુ પુષ્ય નક્ષત્રનાં અમૃત યોગની સોનેરી સવારે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી આદિ 38 સંત-સતીજીઓનાં જ્ઞાનગંગામય કોલકાતા ચાર્તુમાસ 2019નાં મંગલમય પ્રવેશના વધામણા થતાં ભાવિકોની 10-10 વર્ષની આતુરતા, અભિલાષા, અભ્યાર્થનાનો અંત આવ્યો હતો.

પ્રવેશ પૂર્વે કોલકત્તામાં રેલી.

જિનશાસનના જય-જયકાર સાથે રેલી પૂર્ણ થતા ભાવિકો ગુરુદેવના આશીર્વાદ ગ્રહણ કરતાં.

શોભાયાત્રા પ્રારંભ:

ગુરુભક્ત શ્રીમતિ પ્રીતિબેન હર્ષદભાઇ અજમેરાના આંગણેથી શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જપસાધના બાદ એક એવી અદ્‌ભુત શોભાયાત્રાની શરૂઆત થઇ હતી જેને જોઇને સર્વની જિનશાસન તથા સંયમી આત્માઓ તરફની શ્રદ્ધા વધુ અડગ બની હતી. **સવારે** 5:15 વાગે શંખનાદના ધ્વનિ સાથે કળશધારી કુંવારી કન્યાઓએ પૂજ્ય ગુરુદેવનું સ્વાગત ભાવભર્યા ગીતોના સૂરની અભિવ્યક્તિ દ્વારા કર્યું હતું.

શ્રી પ્રીતિબેન હર્ષદભાઇ અજમેરાના નિવાસસ્થાને શોભાયાત્રાની પ્રારંભિક ક્ષણો.

લુક એન લર્નના બાળકો અને દીદીઓ:

'ધન્ય ધરતી જિસ પર ચલે મેરે ગુરુવર, પગ-પગ બનાયે તીર્થધામ' આવા સુંદર ભાવો, ભક્તિ નૃત્ય દ્વારા બાલિકાઓએ વ્યક્ત કર્યા હતા જ્યાથી આગળ વધતાં દેવલોકનાં દેવો રસ્તા પર પૂજ્ય ગુરુદેવનું સ્વાગત કરતાં હોય તેવું મનોહર દ્રશ્ય રચાયું હતું. અતરની વૃષ્ટિ અને અચેત પુષ્પ વૃષ્ટિ સાથે 'ગુરુમિલન કી ઘડી આયી હૈ' ની અભિવ્યક્તિ, પછી રચાયું હતું એક અદ્‌ભુત દૃશ્ય. Look N Learn ના ગુરુદેવે પણ મંદ-મંદ સ્મિત સાથે બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું. Look N Learn ના દીદીઓએ ભાવપૂર્વક નમોત્થુણંની સ્તુતિ કરી હતી.

શ્રી કામાણી જૈન ભવન:

અષ્ટ મંગલ બાદ શ્રી કામાણી જૈન ભવનના શ્રી રાજેનભાઈ કામદાર આદિ કમિટીએ પૂજ્ય ગુરુદેવનું ભાવભર્યું સ્વાગત કરેલ. અહો જિનશાસનમ્‌ની ધ્વનિ સાથે આ શોભાયાત્રા કોલકાતાના માર્ગોને ગુંજાવતી આગળ વધી રહી હતી, સૌના રોમ-રોમમાં અનેરો આનંદ અને ઉત્સાહ હતો.

સોહમ મહિલા મંડળ:

સોહમ મહિલા મંડળના બહેનોની મંગળ રૂપ કળશ સાથેની ઉપસ્થિતિ હતી તો ''પધારો ગુરુદેવ પધારો''ના નાદથી જનરેશન નેક્સ્ટના યંગસ્ટર્સ એક નાની સ્કિટ દ્વારા જેનિઝમ, તથા મિશન વિશે સમજાવતાં હતાં.

અબાલ-વૃધ્ધ સહુના હૃદયમાં ઉછળતાં ગુરુભક્તિ અર્પણ કરવાના ભાવ જાણે મુખદર્પણમાં દર્શાઇ રહ્યાં હતાં.

બાળ સમવશરણ

અષ્ટમંગલ પ્રતિક અને શાસનના ધ્વજ સાથે સન્માનિત થઇ રહ્યાં શાસનના સિરતાજ પૂ. ગુરુદેવશ્રી.

મંગલ કલશ સાથે ગુરુ આગમનની પ્રતિક્ષા કરી રહ્યાં.

અર્હમ્ યુવા સેવા ગ્રુપઃ

જિનશાસનની શાન સમી ધ્વજાઓ દ્વારા અર્હમ યુવા સેવા ગ્રુપના સભ્યોએ પૂજ્ય ગુરુદેવના આગમનને આવકારેલ. વંદે જિનશાસનમ્નો નાદ આકાશમાં ગૂંજી ઉઠેલ. ઢોલ, નગારા અને બેંડ-બાજાનાં તાલ સમગ્ર વાતાવરણમાં ફેલાય ગયેલ જાણે સૌને કહી રહયા હતા કે અમારા ગુરુદેવ પધારી રહ્યાં છે. આજના હાઇ-ફાઇ યુગના મોડર્ન યંગસ્ટર્સમાં પણ ગુરુભક્તિના આવા ભાવોને નિહાળી ઉપસ્થિત સર્વના હૃદય અહોભાવથી ભીંજાઇ ગયા હતાં.

કોલકાતાના રાજમાર્ગો સાક્ષી બન્યાં શોભાયાત્રાની આ ભવ્યતાના

સાંનિધ્ય સત્સંગઃ

ગુરુ સાંનિધ્યના આજ્ઞાર્થીઓ એ સાધુ મહાત્માની 31 ઉપમાઓ દ્વારા પૂજ્ય ગુરુદેવને તેના સમ બતાવી ભાવપૂર્વક તેમની પ્રદક્ષિણા કરેલ તો ઉપ્પનેઇવા, વિગમેઇવા, ધ્રુવેઇવા ત્રિપદીના રણકાર સાથે 32 આગમો સાથે બહેનોએ પૂજ્ય ગુરુદેવ ના આગમનને આવકાર્યું હતું અને પછી હતું એવું દશ્ય જેની કોઇએ કલ્પના પણ ના કરી હોય.

અમારી દસ વર્ષની પ્રતિક્ષાનો અંત કરીને પારસધામ પધારો ગુરુદેવ !

સાધુની 31 ઉપમાઓથી ગુરુરાજના વધામણા કરી રહ્યાં AYSG ના મેમ્બર્સ.

બંગાલી ઝુંપડપટ્ટીના લુક એન લર્નના બાળકોઃ

જૈન નહીં પણ બંગાળી એવી પારસધામની બહારની ગલીનાં ઝુંપડપટ્ટીનાં બાળકો જેઓ થોડાંક જ સમયથી look n learn માં જ્ઞાન પ્રાપ્ત કરવા આવે છે તેઓએ ગુરુ બ્રહ્મા શ્લોક પર ભાવનૃત્ય કર્યું હતું તથા પૂરા ભાવ સાથે તિક્ખુતોના પાઠથી પૂજ્ય ગુરુદેવની વંદના કરેલ જેને પૂજ્ય ગુરુદેવે પણ 'શ્રેષ્ઠ' કહી બિરદાવેલ.

ઝુપડપટ્ટીમાં વસનારા બેંગોલી બાળકો ગુરુ વંદન સૂત્રથી વંદના અર્પણ કરી રહ્યાં.

« સંસાર રૂચે અને સંયમ ખૂંચે, એવા તો અનેક ભાવિકો હોય, સંસાર ખૂંચે અને સંયમ રૂચે, એવા તો કોઇક જ વિરલા હોય. »

પારસધામ પ્રવેશઃ

પારસધામની ગલી જે ઉપવન સમાન સજાવેલ તેમાંથી પૂજ્ય ગુરુદેવ નાં પાવન પગલાં આગળ વધ્યાં હતાં એ પારસધામની ભૂમિને પાવન બનાવવા, જિનશાસનનાં જય-જયકાર સાથે પૂજ્ય ગુરુદેવશ્રીએ ચાર્તુમાસનું મંગલ પર્દાપણ કરેલ. પારસધામ પ્રાંગણમાં ટેક ટીમ તથા કમિટિનાં સર્વ સભ્યોએ પૂજ્ય ગુરુદેવનું સંપૂર્ણ સમર્પણતાના ભાવ સાથે સ્વાગત કર્યું હતું.

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર જપ સાધનાઃ

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રનો બ્રહમનાદ અને આદ્ય ગુરુવર્યના જય-જયકાર બાદ પૂજ્ય ગુરુદેવે ફરમાવ્યું હતું જ્યાં સંતોના પગલાં થાય ત્યાં સંયમ અને તપની આરાધના થાય. ઇસ ચાતુર્માસ મેં **'कुछ बदलेगा, बहुत कुछ बदलेगा, सब कुछ बदलेगा.'**

કોલકાતાના ભાવિકોના અંતરમનને સત્ય ધર્મથી ભીંજવીને આ ચાતુર્માસ કલ્પ સાર્થક કરી લેવાના સાંકેતિક વચનો સાથે પૂજ્ય ગુરુદેવશ્રીએ સહુને પ્રેરિત કર્યા હતાં.

ચાતુર્માસ સંઘપતિઃ

કોલકાતા ચાર્તુમાસનાં સંઘપતિ તરીકે શ્રી પ્રદીપભાઇ બેલાવાલાનું નામ જાહેર થતાં સમસ્ત કોલકાતાનાં પ્રમુખોએ પાઘડી અને ખેસ પહેરાવી સન્માન કર્યું હતું. **ચાતુર્માસ પોથી અર્પણ કરવાનો લાભ શ્રી મૃગેશભાઇ પ્રદીપભાઇ બેલાવાલાએ લીધો હતો.**

ગુરુરાજના પાવન પદાર્પણની રાહ જોઇ રહ્યું
પારસધામનું આંગણું.

ચંદ્ર આવે ને ઉછળી ઊઠે સાગર,
પૂ. ગુરુદેવ પધાર્યા ને ઉમટ્યો માનવમહેરામણ.

પ્રભુ સમોસર્યા હતાં જેમ ગુણશીલ ઉદ્યાને, ગુરુરાજ સમોસર્યા એમ પારસધામના પ્રાંગણે.

શ્રી સમસ્ત કોલકાતા સંઘ પદાધિકારીઓ
સંઘપતિ શ્રી પ્રદીપભાઇને પાઘડીનું ગૌરવ અર્પણ કરી રહ્યાં.

ગુરુના કરકમલમાં આગમપોથી અર્પણ કરી
ધન્ય બન્યાં શ્રી પ્રદીપભાઇ બેલાવાલા પરિવાર

'સદ્‌ગુરુ અને સંતો માત્ર ચરણથી જ વિચરણ નથી કરતાં, પણ 'સ્વ' અને સમાજના ચિંતન સાથે વિચરણ કરે છે.'

ચાતુર્માસ શુભેચ્છા:

આ અવસરે શ્રમણ સંઘનાં પૂજ્ય મણિભદ્ર મહારાજ સાહેબ તથા પેટરબારથી પૂજ્ય શ્રી દર્શનાજી મ., પૂજ્ય શ્રી સ્વાતિજી મ. ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી શર્મિલાદીદીએ કર્યું હતું. પૂ. શ્રી પરમ સંબોધિજી મ. અને પૂ. શ્રી પરમ અસ્મિતાજી મ.એ પ્રાસંગિક બોધ પ્રવચન ફરમાવ્યાં હતાં. એ સાથે જ ગુરુભગવંતની પધરામણીથી હર્ષઘેલા બનીને નાચી ઊઠ્યું સહુનું મન.

અવલાણી આરાધનાલય દ્વાર ઉદ્‌ઘાટન સમારોહ:

પારસધામ પરિસરમાં નવસર્જન પામેલા ત્રણ માળના એવા પાવન આરાધના ધામ માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી આરાધનાલયનો દ્વાર ઉદ્‌ઘાટન અવસર યોજાયો હતો.

સંકુલ સર્જનાર **લાભાર્થી પરિવાર** માતુશ્રી અમૃતબેન ભગવાનજીભાઇ અવલાણી પરિવાર, **ભૂમિદાનના દાતા** ધર્મવત્સલા શ્રી મંજુલાબેન કાંતિલાલભાઇ દોશી પરિવાર, **આયંબિલ ભવનના દાતા** શ્રી બુલબુલભાઈ શાહ પરિવાર તથા શ્રી કેતનભાઈ દોશી પરિવાર, **આરાધનાલય દાતા** શ્રી માનસીબેન પરાગભાઇ શાહ, માતુશ્રી નિર્મળાબેન મનસુખલાલભાઇ કામદાર પરિવાર, માતુશ્રી નલિનીબેન હસમુખરાય શેઠ પરિવાર, માતુશ્રી જયાબેન જયંતિલાલભાઇ અજમેરા પરિવારના **સત્કાર્ય માટે પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું હતું કે સત્કાર્યની હંમેશા અનુમોદના કરવી જોઈએ.' અનુમોદના કરવાથી દાનાંતરાય નામના કર્મનો ક્ષય થઇ જાય છે. આપણે ધર્મક્ષેત્રમાં જ્યારે દાન આપીએ છે તે માત્ર આપતા નથી પણ આપણે આપણી જ પુણ્ય બેંકમાં જમા કરાવીએ છીએ, જે આપણને નેકસ્ટ ભવમાં ઉચ્ચ ગોત્ર કર્મનો બંધ કરાવે છે.**

નવનિર્મિત અવલાણી આરાધનાલયનું ઉદ્‌ઘાટન કરી રહેલાં અવલાણી પરિવાર તથા પૂજ્ય શ્રી પ્રબોધિકાબાઇ મ. પ્રથમ પદાર્પણ કરી રહ્યાં.

આયંબિલ ભવન દ્વાર ઉદ્‌ઘાટિત કરી રહ્યાં શ્રી બુલબુલભાઇ શાહ પરિવાર.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી, ડો. પૂ. શ્રી ડોલરબાઈ મ., પૂ. શ્રી પ્રબોધિકાબાઈ મહાસતીજી આદિ ઠાણાની ઉપસ્થિતિમાં નવા સંકુલનું ઉદ્‌ઘાટન શુભ મંગલ ભાવોથી થયેલ.

“

અન્યના ગુણોને જોઇને જે એમના ગુણોનો આદર કરે છે, એ ગુણોની કદર કરે છે, એ ગુણોના રાગી બને છે, એ ગુણોના અંતરના અહોભાવથી પ્રશંસા કરે છે, તે વ્યક્તિ ન માત્ર સદ્‌ગુણી બની જાય છે પરંતુ સ્વયંના આત્મગુણોનું પ્રાગટ્ય પણ કરે છે.

”

ચાતુર્માસ શુભેચ્છા સમારોહ એવમ્ ગુરુપૂર્ણિમા મહોત્સવ

ગોંડલ સંપ્રદાયના તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા.ના સુશિષ્ય તથા હજારો હૃદયના આત્મીય અનુશાસક સ્વરૂપે સંસાર સાગર તરાવી રહેલાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી આદિ સંત-સતીજીઓનો ચાતુર્માસ શુભેચ્છા સમારોહ એવમ્ ગુરુ ચરણે સમર્પણ ભાવ-અહોભાવ અર્પણ કરવા ગુરુપૂર્ણિમા મહોત્સવ ડુંગર દરબારમાં યોજાયો હતો. ગુરુ શિષ્યનું આત્મિય જોડાણ અને ભક્તિભાવનું અદભૂત દ્રશ્ય સર્જી, શ્રદ્ધા અને સમર્પણતાની એક નવી કેડી કંડારી ગયો હતો. કોલકાતાના ભાવિકોનાં અંતરનો આનંદ, હૃદયનાં ઉલ્લાસથી થનગનતું મન જાણે દરેક પળને માણી, હૃદયમાં અંકિત કરી લેવા ઉતાવળુ બન્યું હતું.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન ચરણ કમળ ડુંગર દરબાર-નઝરૂલ મંચ ઓડિટોરિયમના પ્રાંગણે પધારતાં જ લુક એન લર્નના બાળકો, દીદીઓ તથા વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોએ લહેરાતાં ધ્વજ સાથે પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાગત કર્યા બાદ એક સાથે 37 સંત-સતીજીઓએ પ્રભુ કથિત આગમ ગાથાનું પઠન કરીને ઉપકારી ગુરુદેવશ્રીના સત્કાર-સન્માન કરતાં દિવ્ય મંગલ દ્રશ્ય સર્જાઈ ગયું હતું.

હજારોનો માનવમહેરામણ... એક પરમગુરુના શરણમાં.

ઉપકાર વંદનાવલિ એવમ્ સ્વાગત પ્રવચનઃ

આ અવસરે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી એ આદ્ય ગુરુવર્યો પ્રત્યે ભાવભીની ઉપકારની અભિવ્યકિત કર્યા બાદ પારસધામ સંઘ પ્રમુખ શ્રી પ્રદીપભાઈ બેલાવાલાએ સંત-સતીજીઓ પ્રત્યે અહોભાવ પ્રદર્શિત કરવા સાથે ઉપસ્થિત સહુનું સ્વાગત કર્યું હતું.

બંગાળી બાળકો દ્વારા ગુરુભક્તિ અર્પણઃ

શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના બ્રહ્મનાદ બાદ જન્મથી અજૈન પરંતુ લુક એન લર્નમાં જૈનત્વનાં સંસ્કાર પામી રહેલાં ઝુંપડપટ્ટીના બેંગાલી બાળકોએ કરેલી નૃત્ય પ્રસ્તુતિ સાથે ગુરુચરણમાં કરેલી વંદના-અભિવંદના અને ભક્તિ-ભાવના સહુને હર્ષિત કરી ગઈ હતી.

આચાર્ય કોણ ? - પારસધામ ઘાટકોપરઃ

જિનશાસનના સારથી એવાં આચાર્ય ભગવંતનો સુંદર પરિચય કરાવતી નાટિકા **'આચાર્ય કોણ'ની હૃદયસ્પર્શી પ્રસ્તુતિ પારસધામ ઘાટકોપરના ભાવિકો દ્વારા કરવામાં આવતાં** 'નમો આયરિયાણં'ના નાદથી માહોલ ગુંજી રહ્યો હતો. ગોંડલ સંપ્રદાયના સપ્તર્ષિ આચાર્યનું સ્મરણ કરવામાં આવેલ હતું.

ગોંડલ સંપ્રદાયના સપ્તર્ષિ આચાર્યનું સ્મરણ કરાવતી નાટિકા.

ગુરુપૂર્ણિમા બોધઃ

અંદરના શિષ્યત્વને જાગૃત કરી દેનારા અને અંતરદૃષ્ટિ ઉઘાડી દેનારા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ આ અવસરે એક ગુરુ અને એક આચાર્યની વાસ્તવિક ઓળખ આપતાં સમજાવ્યું હતું કે, **શિષ્યોના આત્મા પર જે આત્મીય અનુશાસન કરી શકે એ આચાર્ય હોય છે અને આત્મીય અનુશાસક એ જ બની શકતાં હોય છે, જેમણે માત્ર સંયમની સાધના નહીં પરંતુ લાંબા સમય સુધી સૂરિમંત્રની કઠિનતમ આરાધના કરી હોય ! જિન શાસન એ માત્ર સંયમ ધર્મના સ્વીકારથી નથી આગળ વધી રહ્યું પરંતુ આપણાં આત્મા પર અનુશાસન કરનારા એવા આત્મીય અનુશાસક પ્રત્યેના ઉપકારભાવથી આગળ વધી રહ્યું છે.** ગૌતમ કે ચંદના બનીએ તો મહાવીર મળે એવો સમર્પણ ભાવ હોવો જોઈએ. કેમ કે, **સંબંધોની બોટલ પર એકસપાયરી ડેટ લખેલી હોય, સમર્પણતાની બોટલ પર એકસપાયરી ડેટ નથી હોતી.** એટલે ભકત હૃદયનો એક જ સંકલ્પ હોય કે એકસપાયરી વાળી સંબંધોની દુનિયાથી દૂર થઈને સમર્પણની દુનિયામાં જશુ તો જ ભગવાન મહાવીર અને ગૌતમની જેમ શાશ્વતને પામશું.

પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રીમુખેથી સરતાં આવા સુંદર બોધ વચન બાદ પારસધામ-ઘાટકોપરના ભાવિકો દ્વારા કલાત્મક સ્વરૂપે પૂજ્ય ગુરુભગવંતોને આગામી ચાતુર્માસની ભાવભીની વિનંતી સહુના હૃદયને સ્પર્શી ગઈ હતી.

ગુરુ ભક્તિની અભિવ્યક્તિઃ

'ગુણનિધાન કૃપાનિધાન' નાટિકા પારસધામ-કોલકત્તાના ભાવિકો દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. એ સાથે જ, ગુરુના ચિત્રથી ચારિત્ર કેવી રીતે બદલે તે દર્શાવવા મૃગેશભાઈ અને પરમભાઈએ ગુરુદેવશ્રીના પ્રેરણાત્મક ચિત્રોનું દર્શન કરાવતી **'ગુરુ ગેલેરી'ની આ અવસરે** મહત્તા રજુ કરી હતી. સાધક **શ્રી પરમ શ્રેયમદીદી** તેમજ **શ્રી પરમ અલ્પાદીદીએ રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીનાં આગામી વર્ષે આવી રહેલા સુવર્ણ મહોત્સવ અવસરે સર્જાઈ રહેલાં 'ગુરુદેવશ્રી' મહાગ્રંથની સુંદર પ્રસ્તાવના રજૂ કરી હતી.**

અદ્‌ભૂત નૃત્ય પ્રસ્તુતિમાં કોલકાતાના ભાવિકો.

અમદાવાદના ગુરુભકતો દ્વારા 'પા પા પગલી' ભકિત ગીત પ્રસ્તુતિ સાથે ગુરુ ચરણમાં શરણ પામવાની ભાવભીની યાચના કરી હતી. ગુરુ તત્વની અનુભૂતિનો પરિચય આપતી પ્રેરણાત્મક નાટિકા **રાજકોટના ગુરુભકતો** તરફથી દર્શાવવામાં આવી હતી અને સમર્પણતાની સાર્થકતાનો મેસેજ આપતી નાટિકા લુક એન લર્નના બાળકો દ્વારા ભજવવામાં આવી હતી.

કોલકાતાના ભાવિકો ભાવ-અહોભાવ સહ.

ગુરુરાજના ચરણમાં ચરણાધિન બન્યું રાજકોટ.

નૃત્ય-ગાન સાથે ગુરુની ગુણ કિર્તના કરતાં અમદાવાદના ભાવિકો.

શ્રી કાંતિભાઇ કપાસી, શ્રી મહેશભાઇ અંબાવી આદિ અમદાવાદના ભાવિકો ભક્તિગીત CD અર્પણ કરતાં.

ગુરુપૂર્ણિમા પાવન પ્રેરણા અને પચ્ચક્ખાણ

અનંતા પુણ્ય ખર્ચીને જ્યારે ધર્મ શ્રવણની પળ અને સદગુરુ સાંનિધ્યની ક્ષણ મળી હોય, તે ક્ષણોમાં અવિનય અને અશાતના ન થાય તે માટે ધર્મસ્થાનકમાં પંચમહાવ્રતધારી સંયમી આત્માઓના સાંનિધ્યમાં મોબાઈલ ન વાપરવાના પચ્ચક્ખાણ કરીને સર્વ ભકતોએ પોતાની ભક્તિ રજૂ કરી હતી.

પંચમહાવ્રતધારી સંયમી આત્માઓના સાંનિધ્યમાં મોબાઇલ ન વાપરવાના પચ્ચક્ખાણ લેતાં ભાવિકો.

લુક એન લર્નના બાળકોઃ

લુક એન લર્નનાં નાના બાળકો દ્વારા જીવનમાં ગુરુ શા માટે નાટિકા જોઈને સભાજનો અભિભૂત થઈ ગયાં હતાં અને લુક એન લર્નના બાળકોની ભકિત નૃત્ય પ્રસ્તુતિ બાદ ચાતુર્માસ શુભેચ્છા દાતાઓનું સન્માન અને ગુરુદેવશ્રીનાં શ્રીમુખેથી માંગલિક શ્રવણ બાદ કાર્યક્રમ સંપન્ન થયો હતો.

સુંદર નાટિકા દ્વારા ગુરુનું મહત્ત્વ સમજાવતાં કોલકાતા લુક એન લર્નના બાળકો.

ગુરુ પૂર્ણિમા બની ગાયોના સંરક્ષણ માટેનો અવસરઃ

ચરણ પૂજન દ્વારા ગુરુ ભક્તિથી ધન્ય બનવાનો ઉત્તમ લાભ શ્રી મૂલરાજભાઈ છેડા, શ્રી રાજેશભાઈ કોઠારી, શ્રી પરાગભાઈ શાહ, શ્રી દર્શકભાઈ રૂપાણી, શ્રી જીગરભાઈ શેઠ, શ્રી હર્ષદભાઈ અજમેરા, શ્રી મૃગેશભાઈ બેલાવાલા પરિવાર દ્વારા લેવામાં આવ્યો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી હસ્તેથી અભિમંત્રિત માળાનો લાભ શ્રી જયશ્રીબેન – સિંગાપોરએ લીધો હતો.

જે રકમ **પશ્ચિમ બંગાલના BSF ના સૈનિકોએ બચાવેલ ગાયોના સંરક્ષણ અર્થે જીવદયામાં મોકલવામાં આવેલ.** આમ ગુરુભક્તિ સાથે જીવદયાનું કાર્ય પાર પડ્યું હતું.

વિમોચનઃ

રાજકોટ, ગોંડલ, સૌરાષ્ટ્ર, મુંબઈ, કોલકાતા આદિ ઉપસ્થિત સર્વ સંઘોનાં પ્રમુખોના હસ્તે સ્થાનકવાસી મુનિઓના પ્રભાવક પ્રસંગોના ભાગ 1, 2 પુસ્તિકા અને પગદંડી ચાતુર્માસ સ્મૃતિ અંકનું વિમોચન કરવામાં આવ્યું હતું અને સર્વત્ર હર્ષનાદ થયો હતો.

'સ્થાનકવાસી મુનિઓના પ્રભાવક પ્રસંગો' પુસ્તિકાનું વિમોચન કરી રહ્યાં શ્રી સંઘ શ્રેષ્ઠીવર્યો.

'પગદંડી' સમૂહ ચાતુર્માસ સ્મૃતિ અંકનું વિમોચન કરી રહ્યાં શ્રી સંઘ શ્રેષ્ઠીવર્યો.

ચાતુર્માસ શુભેચ્છા એવમ્ ગુરુપૂર્ણિમા સમર્પણભાવ પ્રગટ કરતાં
શ્રી પ્રવિણભાઇ કોઠારી શ્રી ચંદ્રકાંતભાઇ શેઠ

કાર્યક્રમનું સંચાલન કરતા
શ્રી શર્મિલાદીદી, શ્રી હીરલદીદી.

શ્રી પ્રતિકભાઇ

શ્રી ટોલીગંજ સ્થાનકવાસી જૈન સંઘ:

કોલકાતાના શ્રી ટોલીગંજ સ્થા. જૈન સંઘમાં પધારતાં પૂજ્ય ગુરુદેવશ્રીના આગમનને વધાવવા મસ્તકે કળશધારી બાલિકાઓ, શંખનાદનો ગુંજારવ, સ્વાગત નૃત્ય કરતાં લુક એન્ડ લર્નના બાળકો, અષ્ટમંગલના પ્રતિકથી શોભતી શોલ ધારણ કરેલાં બહેનો તેમજ બંગાળી વસ્ત્ર પરિધાનમાં સજ્જ બહેનોએ ગવલી ધારણ કરીને કરેલા ભાવભીના સ્વાગત એ સહુના હૃદયમાં અનેરા ભક્તિભાવ જાગૃત કરી દીધા હતા.

સ્વાગત શોભાયાત્રા ટોલીગંજ સંઘના દ્વાર પર વિરામ પામતાં શ્રી મીનલબેન દોશી દ્વારા સુંદર ગીત પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

શ્રી સંઘના આંગણે વિશેષ પ્રકારે અંકિત કરવામાં આવેલી શ્રી ભકતામર સ્તોત્રની 48 તક્તી તેમજ 14 રાજલોકની પ્રતિકૃતિનું પણ અત્યંત ઉલ્લાસભાવે અનાવરણ કરવામાં આવ્યું હતું.

One Step Up શિબિર:

પ્રાત:કાળની ધ્યાન સાધના, આત્મદૃષ્ટિ આપતાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો, જ્ઞાનવૃધ્ધિ કરાવતાં પૂજ્ય મહાસતીવૃંદના પ્રવચનો તેમજ ભક્તિ સંધ્યાના કાર્યક્રમો સાથેની ત્રણ દિવસીય આ શિબિર, ભાવિકોને પ્રભુ જેવી 'ઠાણેણં, મોણેણં, ઝાણેણં' ની સાધના દ્વારા આત્મવિકાસ તરફ 'One Step Up' થવાનો સંકલ્પ કરાવીને પૂર્ણ થઇ હતી.

આવા અમૃત બોધ વચનો સાથે શિબિર દરમ્યાન ગુરુ પૂર્ણિમાના પાવન દિવસે ગીત-સંગીતના સથવારે ઉપસ્થિત સર્વ ભાવિકોએ ગુરુ ચરણમાં ભાવભીની ભક્તિ અર્પણ કરી હતી. એ સાથે જ, ગુરુને સાધના-આરાધનાની અમૂલ્ય ભેટ આપવા સ્વરૂપ આ અવસરે **'અર્પણમ્' આરાધના પુસ્તિકાની જાહેરાત કરવામાં આવી હતી.** જેમાં બાર મહિનાની સામાયિક સાધના, મૌન સાધના, ધ્યાન સાધના જેવી દર્શાવેલી આરાધનામાં અનેક અનેક ભાવિકો ઉત્સાહથી જોડાઇને ગુરુ ચરણમાં સાધનાની અર્પણતા કરવા કટિબધ્ધ બન્યાં હતાં.

વિશેષમાં, રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના આગામી વર્ષે આવી રહેલાં 50 માં જન્મોત્સવ અવસરે સર્જાઈ રહેલાં **ગુરુદેવશ્રી મહાગ્રંથ તેમજ 30 વર્ષની દીક્ષા પર્યાયમાં એમણે ફરમાવેલાં બોધ પ્રવચન આધારિત સર્જાઈ રહેલાં 50 પુસ્તકોના પ્રકાશનની ઉછામણીનો અમૂલ્ય લાભ** આ અવસરે ઉદારદિલા પરિવારોએ શ્રી ધવલભાઇ ઘેલાસા, શ્રી પૂજાબેન જીમ્મીભાઇ શાહ, શ્રી અમિતભાઇ શાહ, શ્રી શૈલેષભાઇ સંઘવી, ગુરુભક્ત-કોલકત્તાએ લીધો હતો. ઉપરાંતમાં, ઉપસ્થિત અનેક અનેક ભાવિકોએ રૂા. એક લાખનું અનુદાન કરીને બહોળી સંખ્યામાં આ પુસ્તકના પ્રકાશન માટે પોતાનો ફાળો નોંધાવી જ્ઞાનદાન અને ગુરુ સમર્પણતાની શ્રેષ્ઠ ભેટ અર્પણ કરી હતી.

જ્ઞાનપ્રકાશનમાં ભક્તિ અર્પાગમ

અવિરત કૃપા અને કરુણાનો ધોધ વહાવી રહેલાં

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના - 50th જન્મોત્સવ અવસરે

ગુરુદેવ શ્રી મહાગ્રંથ એવમ્ 50 પ્રેરક પુસ્તકોના સર્જનમાં ઉદારહૃદયા ભાવિકોનું સમર્પણ સહ યોગદાન-અનુદાન

શ્રી ધવલભાઇ ઘેલાસા | **શ્રી પૂજાબેન જીમ્મીભાઇ શાહ** | **શ્રી અમિતભાઇ શાહ** | **શ્રી શૈલેષભાઇ સંઘવી** | **શ્રી ગુરુભક્ત**

1. શ્રી અમીબેન કોઠારી
2. શ્રી અનિતાદીદી શાહ
3. શ્રી આશાબેન ચેતનભાઈ દોશી
4. શ્રી બીનાબેન બિલખીયા
5. શ્રી બીનાબેન મહેતા
6. શ્રી ભારતીબેન ચંદ્રકાંતભાઈ શાહ
7. શ્રી ભારતીબેન દેસાઈ
8. શ્રી ભાવેશભાઈ મનહરલાલ મહેતા
9. શ્રી ભાવનાબેન શાહ
10. શ્રી ચેતનભાઈ કે. શાહ
11. શ્રી છાયાબેન બિપીનબાઈ કામદાર
12. શ્રી દક્ષાબેન કેતનભાઈ મોતા
13. શ્રી દર્શનાબેન અજમેરા
14. શ્રી દર્શિતભાઈ વિલેશભાઈ શાહ
15. શ્રી ધર્મેશભાઈ હેમાણી
16. દોમડીયા અને લાઠિયા પરિવાર
17. શ્રી એકતાબેન સ્મિતભાઈ મોદી
18. શ્રી વિરેશભાઈ ગોડા
19. શ્રી વિશાલભાઈ શાહ
20. શ્રી વસંતીબેન ગાલા
21. શ્રી જસવીરભાઈ શેઠ
22. શ્રી નીતીબેન દોશી
23. શ્રી ઝીલ તેજસભાઈ મહેતા
24. શ્રી હર્ષદભાઈ ઘેલાણી
25. શ્રી હીનાબેન અશ્વિનભાઈ દેઢિયા
26. શ્રી હેમલત્તાબેન મણિયાર
27. શ્રી હેતલબેન હેમંતભાઈ હરખાણી
28. શ્રી ઇશાનભાઈ હિતેષભાઈ દોશી
29. શ્રી જયશ્રીબેન દલીચંદભાઈ હેમાણી
30. શ્રી જાન્હવીબેન સૌરભભાઈ ધોળકિયા
31. શ્રી જીગ્નેશભાઈ તુરખીયા
32. શ્રી કલ્પનાબેન પ્રફુલ્લભાઈ સંઘાણી
33. શ્રી કમલભાઈ ચંદ્રકાંતભાઈ સંઘવી
34. શ્રી કાશ્મીરાબેન ભાવેશભાઈ શેઠ
35. શ્રી કાશ્મીરાબેન કેતનભાઈ શાહ
36. શ્રી કોશાબેન ખુશમનભાઈ દોશી
37. શ્રી કુસુમબેન બળવંતરાય પારેખ
38. શ્રી કુસુમબેન ધીરજલાલ ગાઠાણી
39. શ્રી લબ્ધીબેન-શ્રી વત્સલભાઈ કેતનભાઈ દોશી
40. શ્રી લિપીબેન ચેતનભાઈ ભાવસાર
41. શ્રી મનસુખભાઈ દોશી
42. શ્રી મનુભાઈ વાડીલાલ ચુડગર
43. શ્રી મીનાબેન ધરોડ
44. શ્રી મોનાબેન નિમેષભાઈ હેમાણી
45. શ્રી મૃદુલાબેન નવનીતભાઈ શાહ
46. શ્રી મુંઝાલભાઈ ગોહિલ
47. શ્રી નિલેશભાઈ પ્રતાપભાઈ મહેતા
48. શ્રી નિમેષભાઈ શાહ
49. શ્રી પીનલબેન અજમેરા
50. શ્રી પૂનમબેન સુજલભાઈ દોશી
51. શ્રી પ્રીતિબેન મહેન્દ્રભાઈ છેડા
52. શ્રી પૂર્વીબેન મનીષભાઈ ઠોસાણી
53. શ્રીરાજીવભાઈ સાવલા
54. શ્રી રશ્મીકાંતભાઈ દેસાઈ
55. શ્રી રેખાબેન શેઠ
56. શ્રી રિચાબેન સુનિલભાઈ શાહ
57. શ્રી રિમઝિમબેન શાહ
58. શ્રી રિપુલભાઈ નંદુ
59. શ્રી સાહિલભાઈ દોશી
60. શ્રી સંધ્યાબેન સંઘાણી
61. શ્રી સંગીતાબેન કોઠારી
62. શ્રી સેજલબેન કામદાર
63. શ્રી હીનાબેન શૈલેષભાઈ સંઘવી
64. શ્રી શશીકાંતભાઈ ટોળિયા
65. શ્રી શિલ્પાબેન હેમલભાઈ કંપાણી
66. શ્રી તુષારભાઈ શશીકાંતભાઈ મહેતા
67. શ્રી ઉષાબેન વિનોદભાઈ પુનાતર
68. શ્રી વિભાબેન રાજુભાઈ બાવીશી
69. ગુરુભક્ત
70. ગુરુભક્ત
71. ગુરુભક્ત
72. ગુરુભક્ત

ગુરુઋણ સ્વીકૃતિ યુક્ત આ જ્ઞાન પ્રકાશનના મહા અભિયાનમાં આપ શ્રી પણ યથાશક્તિ આપનું યોગદાન અર્પણ કરી શકો છો.

સંપર્ક : શ્રી સમીરભાઇ શેઠ - +91 7900167457

શ્રી ગુજરાતી સમાજ કોલકતાના ભાવિકો પામ્યાં સંસ્થા વિકાસનું માર્ગદર્શનઃ

કોલકાતાના શ્રી ગુજરાતી સમાજની વિનંતિને માન આપીને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રી પધારતાં એમના શ્રીમુખેથી સંસ્થા વિકાસના મૂળભૂત માર્ગદર્શન મળતાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત ભાવિકો સંસ્થાના સુયોગ્ય સંચાલનની સુંદર પ્રેરણા પામી ધન્ય બન્યાં હતાં.

આ અવસરે સમાજ પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ અત્યંત અહોભાવપૂર્વક ગદ્‌ગદિત સ્વરે પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે આભાર અને ઉપકારભાવની અભિવ્યક્તિ કરતાં કહ્યું હતું કે, **સંસ્થામાં થઈ રહેલાં કાર્યો તે આજથી દસ વર્ષ પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રીએ આપેલાં આશીર્વાદની ફલશ્રુતિ માત્ર છે.** ઉપરાંતમાં, શ્રી રવિન્દ્રભાઈએ પૂજ્ય ગુરુદેવશ્રીને ગુજરાતી સંસ્થાને પોતાની જ માનીને વારંવાર પધારવાની આગ્રહભરી ભાવભીની વિનંતિ કરતાં ઉપસ્થિત સહુએ હર્ષથી એમના ભાવોને વધાવી લીધાં હતાં.

વિશેષમાં, પૂજ્ય ગુરુદેવશ્રી પ્રેરિત શ્રી પ્રિતીબેન હર્ષદભાઈ અજમેરા પરિવારના યોગદાનથી સર્જિત સંસ્થાના મેડિકલ સેન્ટરમાં તૃતીય ડેન્ટલ કલીનીક યુનિટનું ઉદ્‌ઘાટન આ અવસરે પૂજ્ય ગુરુદેવશ્રીના સાંનિધ્યે કરવામાં આવતાં સર્વત્ર હર્ષ હર્ષ છવાઈ ગયો હતો.

કોઈપણ સંસ્થાના લિડર્સ કોવા હોવા જોઈએ એનું માપદંડ બતાવતાં આ અવસરે પૂજ્ય ગુરુદેવશ્રીએ ખૂબ જ હૃદયસ્પર્શી શૈલીમાં સમજણ આપતાં કહ્યું હતું કે,

- કોઈપણ સમુદાય કે સંસ્થામાં જ્યારે અલગ અલગ પ્રકારના લોકો ભેગા થાય ત્યારે તેમને સાથે કેવી રીતે રાખવા, એમની બુધ્ધિને મારવી, કઈરીતે વાળવી, શણગારવી તે લિડરશીપની ત્રણ આર્ટ હોય છે.
- પ્રભુ કહે છે, તમે જ્યાં રહો, જે સમાજમાં રહો ત્યાં પોતાની ઇચ્છાનો આગ્રહ ન રાખો. જે પોતાની ઈચ્છાને ત્યાગે છે તેનો ત્વરિત મોક્ષ થઈ જતો હોય છે. મોટાભાગની સંસ્થામાં જોડાતાં લોકો પ્રારંભમાં તો સેવાના ભાવથી આવતાં હોય છે પરંતુ સમય જતાં પોતાના નામનો, પોતાના સ્થાનનો અને પોતાના અહંકારનો સ્વાર્થ રાખતાં થઈ જતાં હોય છે કેમકે આહાર છોડવો હજી પણ સહજ હોય છે પરંતુ પોતાની ઇચ્છાનો આગ્રહ છોડવો તે ખૂબ જ કઠિન હોય છે.
- **જે વીક હોય તે નહીં પરંતુ જે વીર હોય તે જ પોતાની ઇચ્છાનો આગ્રહ છોડી શકતાં હોય છે.**
- **સેવક હંમેશા સાગર જેવા હોય. જે સાગર જેવા હોય તે જ આચાર્ય કે લિડર બની શકતાં હોય છે.**
- જેવી રીતે સાગર હંમેશા નદીઓથી નીચો રહેતો હોય એમ, જેમને સ્વયંને વિશાળ બનવું છે તે હંમેશા નીચે રહેતાં હોય છે. દરેક પરિવાર કે સંસ્થાના વડીલોએ બીજા કરતાં હંમેશા નીચા અને નમ્ર બનીને રહેવું જોઈએ.
- જે સંસ્થાના વડીલો નીચા અને નમ્ર બનીને રહેતાં હોય છે તે સંસ્થા વિશ્વના ખૂણે ખૂણે પહોંચી જતી હોય છે.
- કયા સમયે બોલવું અને કયા સમયે મૌન રહેવું તે લિડરશીપનો એક ગુણધર્મ હોય છે.
- આ જગતમાં કામ કરવાવાળાની જ કદર થતી હોય છે માટે જ, તમે બોલો એના કરતાં વધારે તમારા કાર્યને બોલવા દો તો જગત તમારી કદર કર્યા વિના નહીં રહે.
- લાઈફના કોઈપણ ફિલ્ડમાં જે માત્ર કામનો show કરે છે તે ક્યારે પણ સકસેસ નથી જતાં. પરંતુ કોઈપણ પ્રકારની ડિમાન્ડ વિના પણ જે નિરપેક્ષ ભાવે સેવા કરે છે તેની બધી જ ડીઝાયર પૂરી થઈ જતી હોય છે.
- સંતો કે પ્રભુ પાસે પણ જે એમના ચાહક બનીને જાય છે તેની ઇચ્છાઓ પૂર્ણ થતી હોય છે પણ ગ્રાહક બનીને જવાવાળા કદી પણ એમના આશીર્વાદ પામી શકતાં નથી.

પ્રથમ યુવા શિબિર:

કોલકાતામાં રચાએલાં શ્રી ડુંગર દરબારના વિશાળ શામિયાણામાં સત્યને પામવાની જિજ્ઞાસા સાથે ઉપસ્થિત રહેલાં ભાવિકોને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ બ્રહ્મનાદે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રની જપ સાધના દ્વારા દિવ્યાનુભૂતિ કરાવ્યાં બાદ આપણને સહુને થતી વિવિધ પ્રકારના ભવોની પ્રાપ્તિનું કારણ સમજાવતાં જણાવ્યું હતું કે, **જગતમાં એક માત્ર મનુષ્યના જીવને બાદ કરતાં જેટલાં પણ જીવો છે તે બધાં જ જીવો પોતાને મળેલાં સ્ટ્રક્ચર અનુસારનો નેચર ધરાવતાં હોય છે. પરંતુ એક માત્ર મનુષ્યમાં એવી ક્ષમતા હોય છે કે તે ધારે તેવો સ્વયંનો નેચર બનાવી શકતાં હોય છે. પરમાત્મા કહે છે જેવો તમારો આજનો નેચર હોય છે એવા જ પ્રકારે તમારું ફ્યુચર નક્કી થઈ જતું હોય છે. આજનો નેચર એ જ તમારું ફ્યુચર અને એવું જ તમારું ફ્યુચરનું સ્ટ્રક્ચર મળતું હોય છે.**

આત્માના ભવ ભવાંતરને સુધારી દેનારા પૂજ્ય ગુરુદેવશ્રીના આવા હિતકારી બોધ વચનો સાથે જ આ અવસરે **પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજીએ ઉપસ્થિત ભાવિકોને લાઈફની કોઈપણ સિચ્યુએશનમાં રિએક્ટ ન કરીને સહનશીલ બનવાનો બોધ આપ્યો હતો. એની સાથે જ, પૂજ્ય શ્રી વિનમ્રમુનિ મહારાજ સાહેબે આ અવસરે સુંદર દૃષ્ટાંતો સાથે લાઈફમાં ડિસીશન મેકીંગ સ્કીલને કેવી રીતે ડેવલપ કરવી તેનું રાઈટ માર્ગદર્શન આપતાં સહુને એક નવી દિશાની પ્રાપ્તિ થઈ હતી.**

વિશેષમાં, ગુરુ-શિષ્ય વચ્ચેની આત્મીયતાના દર્શન કરાવતી પ્રેરણાત્મક પુસ્તિકા થર્ડ આયની બંગાલી આવૃત્તિનું આ અવસરે શ્રી બૃહદ મુંબઈ સ્થા. જૈન મહાસંઘ પ્રમુખ શ્રી પરાગભાઈ શાહ, અમેરિકા નિવાસી શ્રી પરાગભાઈ મહેતા, ડુંગર દરબારના ભૂમિદાતા શ્રી સોહનલાલભાઈ સિંધવીજી, શ્રી સંતોષભાઈ એવમ્ શ્રી સુરેન્દ્રભાઈ દુગ્ગડજીના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. ઉપરાંતમાં આ પ્રસંગે તેમની ઉદારભાવનાની પ્રશસ્તિ કરીને તેમને સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

'થર્ડ આય' પુસ્તિકાની બંગાલી આવૃત્તિનું વિમોચન કરી રહ્યાં જીતોના પ્રમુખ શ્રી સોહનલાલ સિંઘવી.

મુંઝવતા પ્રશ્નોનું સમાધાન પામી રહ્યાં બાલ શિબિરાર્થી.

પ્રથમ શિબિર

જે કદરની આશા રાખે, તેને નીચ ગોત્ર કર્મ બંધાય, જે અન્યની કદર કરે તેને ઉચ્ચ ગોત્ર કર્મ બંધાય

શ્રી બડબઝાર ઉપા શ્રય ચાતુર્માસ મંગલ પ્રવેશ:

શ્રી બડાબઝાર સંઘની વિનંતિનો સ્વીકાર કરીને 7 જુલાઈ રવિવારના શુભ દિને રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની આજ્ઞાથી પરમ સૌમ્યાજી મ. આદિ ઠાણા - 4નો બડાબઝાર ઉપાશ્રય મધ્યે ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો હતો.

કળશ, અષ્ટ મંગલ અને મહામંગલકારી નમસ્કાર મહામંત્રની ધૂન સાથે બડાબઝાર કમિટિના સભ્યો, LNL બાળકો-દીદીઓ, અર્હમ યુવા સેવા ગ્રુપના સભ્યો, જય-પ્રાણ મંડળ, લલિત મંડળના બહેનો તથા સર્વે ભાવિકોએ આનંદવિભોર થઈ મહાસતીજીઓને પધારો સાધ્વી ભગવંતો પધારોના નાદ સાથે આવકાર્યા હતા.

સ્વાગત યાત્રામાં ભાવિકોએ આ ચાતુર્માસમાં અજ્ઞાન અંધકારમાંથી જ્ઞાનનો પ્રકાશ પાથરવા, આત્માના પૂર્ણ દર્શન કરાવવા, સમ્યકત્વ પમાડવા, સર્વવિરતી નહીં તો શ્રાવકના વ્રતોનું પાલન કરી માર્ગાનુસારી બનાવવા, અનંતકાળથી કર્મોથી બંધાયેલા આત્માને તપ કરી નિર્જરા દ્વારા શુદ્ધ બનાવવા ભાવભરી વિનંતી કરી હતી.

ઉપાશ્રયનાં પ્રાંગણમાં વંદે જિનશાસનમની ધૂનથી જૈનશાસનનો ધ્વજ ફરકી ઉઠ્યો હતો અને પૂજ્ય મહાસતીજીઓનાં પુનિત પગલાં મંડાયા હતા.

શ્રી હર્ષદભાઈ શેઠનાં સ્વાગત પ્રવચન બાદ સૌએ પાંચમા ખામણા દ્વારા રસ્તામાં કોઈપણ અવિનય થયો હોય તો તેની માફી માંગી હતી. શ્રી શર્મિલાદીદીએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. પરમ ઋજુતાજી મ. જે બડાબઝાર LNL માં 10 વર્ષ પહેલાં student હતા અને અર્હમ યુવા ગ્રુપના સભ્ય હતા, તેમણે ફરમાવ્યું હતું કે, **આ ગલીઓમાંથી ચાલતી ત્યારે કલ્પના પણ નહોતી કરી કે હું આ ઉપાશ્રયની પાટ પર બેસીને પ્રવચન આપતી હોઈશ.**

પરમ સૌમ્યાજી મહાસતીજીએ પોતાની સરળ શૈલીમાં સમજાવ્યું હતું કે **પ્રવેશ એટલે પ્રભુના વેશમાં પ્રવેશ. તેમણે સૌને રોજ પોતાની મુહપતિ અને ગુચ્છાના દર્શન કરી પ્રભુના વેશ પ્રત્યે અહોભાવ લાવવા તથા મને પણ આ વેશ ક્યારે મળશે એવા ભાવ ભાવવાનો બોધ આપ્યો હતો.**

ત્યારબાદ LNL અને અર્હમ યુવા સેવા ગ્રુપના ભાવિકોએ ચાર ગતિનાં પરિભ્રમણમાંથી મુકિત અપાવો, ચાર કષાયોનાં બંધનમાંથી મુકિત અપાવો, ક્રિયાઓમાં ભાવ ભેળવતા શીખવો અને અમારા રોમ-રોમમાં જિનશાસનને પ્રસરાવી દયોના ભાવો રજૂ કર્યા હતાં.

બડાબઝાર સંઘના પ્રમુખ શ્રી રમણીકભાઈ ખારા, શ્રી કામાણી જૈન ભવનના શ્રી ભરતભાઈ વોરા તથા પારસધામના સંઘપતિ શ્રી પ્રદીપભાઈ બેલાવાલાએ આ અવસરે ચાતુર્માસ શુભેચ્છાઓ પાઠવી હતી.

શ્રી કામાણી જૈન ભવન ચાતુર્માસ મંગલ પ્રવેશ:

ડો. શ્રી ડોલરબાઇ મહાસતીજી આદિ ઠાણાનો ગુરુભક્ત શ્રી સિધ્ધિબેન તેજસભાઇ શાહના આંગણેથી જિનશાસનના જય-જયકાર સાથે શ્રી કામાણી જૈન ભવન મધ્યે ચાતુર્માસ મંગલ પ્રવેશ થયો હતો.

પૂજ્ય ગુરુદેવે મહાપ્રભાવક શ્રી ઉવસગ્ગહરં સ્તોત્રના નાદ સાથે ચાતુર્માસ સુખમય અને જ્ઞાનમય વીતે તેવા આશીર્વાદ આપ્યા હતા.

શ્રી કિર્તીભાઇ શેઠના સ્વાગત પ્રવચન બાદ શ્રીમતી અમિતાબેન પારેખે હજારો ભાવિકોના સુષુપ્ત આત્માને જાગૃત કરનાર પૂજ્ય ગુરુદેવનો ભાવ ગીત દ્વારા આભાર વ્યક્ત કર્યો હતો.

સંઘના પ્રમુખ શ્રી રાજેનભાઇ કામદારે ચાતુર્માસ આપવા બદલ ગુરુદેવશ્રીનો ઉપકાર માનીને સૌને વધુમાં વધુ લાભ લેવા વિનંતી કરેલ.

શ્રમણ સંઘના પૂજ્ય મણિભદ્ર મહારાજ સાહેબે ચાતુર્માસની મંગલ શુભેચ્છા પાઠવી હતી. ચાતુર્માસની પોથી અર્પણ કરવાનો લાભ માતુશ્રી છબલબેન અમીચંદભાઇ વોરા પરિવારે લીધેલ. શ્રી સંઘ દ્વારા શ્રી બુલબુલભાઇ શાહનું સન્માન કર્યા બાદ માંગલિક શ્રવણ સાથે કાર્યક્રમ સંપન્ન થયો હતો.

ગુરુ મળે તો ઘણાને પણ ફળે કોને ?

એક કલાસમાં એક ટીચર કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના એક સાથે, એક જ સરખું 50-60 વિદ્યાર્થીઓને ભણાવે છે પણ જ્યારે રીઝલ્ટ આવે છે ત્યારે બધાંની માર્કશીટ અલગ-અલગ હોય છે, બધાંના માર્કસ્ અલગ-અલગ હોય છે.

એવું કેમ ?

કેમકે, બધાંની જ્ઞાનને ગ્રહણ કરવાની ક્ષમતા અલગ-અલગ હોય છે, બધાંની મહેનત અલગ-અલગ હોય છે. એમ ગુરુ પણ બધાં માટે એક સરખો જ જ્ઞાનનો ધોધ વહાવે છે, પણ ઘણાને અંતર સ્પર્શી બને છે, ઘણાને થોડીવાર માટે યાદ રહે છે, ઘણા આચરણમાં મૂકે છે તો ઘણા ધર્મસ્થાનકની બહાર નીકળતાં જ ભૂલી જાય છે.

ગુરુની કૃપા પણ બધાં ઉપર એક સરખી વરસતી હોય છે, જેના હૃદયના દ્વાર જેટલાં ખુલ્લાં એટલા એને કૃપાના કિરણો પ્રાપ્ત થાય.

ગુરુ મળે છે તો હજારો-લાખો ભાવિકોને, પણ ફળે છે એમને જ જેમનામાં શ્રધ્ધા અને વિશ્વાસ હોય છે, જેમનામાં કંઈક પામવાની ધગશ હોય છે અને સ્વયંનો પુરુષાર્થ હોય છે.

ગુરુદેવ !

જ્ઞાનગંગામય ચાતુર્માસમાં

આપની કૃપાના કિરણો અમ પર વરસાવો !

: સૌજન્ય :

ગુરુભક્ત શ્રી મહેતા પરિવાર

ઘાટકોપર, મુંબઈ

અર્પણમ્

ગુરુ ઋણ
અદા કેમ કરીએ અમે...

ગુરુ સાધના
આપશ્રીના ચરણે ધરીએ અમે !

ગુરુમય બનવા, ગુરુદેવ જેવા બનવા, ગુરુદેવ જેવી સાધના કરવા માટે, આરાધનાઓના શિખર પર શિષ્ય હૃદયનું પા.. પા.. પગલી ભરતુ આ **અર્પણમ્.**

એક શિષ્ય હૃદય હમેશાં ગુરુ ઋણ અદા કરવા માટેની તક શોધતો હોય છે. એ શ્રેષ્ઠ તક એટલે જ **અર્પણમ્.**

આ ગુરુપૂર્ણિમાથી આ ભાવોનો શુભારંભ કરી આવતી ગુરુપૂર્ણિમા સુધી, આ સાધનાઓની અમૂલ્ય ભેટ ગુરુદેવશ્રીના ચરણે અર્પણમ્.

સામાયિક અર્પણમ્	140 ભક્તો x દરરોજ 1 સામાયિક x 365 દિવસ = **50 હજાર + સામાયિક અર્પણ**
વંદના અર્પણમ્	1500 ભક્તો x દરરોજ 20 વંદના x 365 દિવસ = **1 કરોડ + વંદના અર્પણ**
મૈત્રી ભાવના	500 ભક્તો x દરરોજ 108 વખત સ્મરણ x 365 દિવસ = **2 કરોડ + શુભ ભાવના અર્પણ**
મૌન ભાવના	500 ભક્તો x દરરોજ 1 કલાક મૌન x 365 દિવસ = **2 લાખ + કલાક મૌન અર્પણ**
ધ્યાન સાધના	300 ભક્તો x દરરોજ 30 મિનિટ x 365 દિવસ = **50 હજાર + કલાક ધ્યાન અર્પણ**
લોગસ્સ જાપ	1500 ભક્તો x દરરોજ 20 લોગસ્સ x 365 દિવસ = **1 કરોડ + જાપ અર્પણ**

: મારી સાધનાના નિયમો :

1. ઉત્કૃષ્ટ વંદના અને લોગસ્સની સાધના એક સાથે અથવા તે જ દિવસ દરમ્યાન છૂટી - છૂટી પણ કરી શકાય.
2. **ખામેમી સવ્વે જીવા**-મૈત્રી ભાવનાની આ સાધના એક જ વખતમાં એક સાથે 108 વાર કરવાની રહેશે.
3. ધ્યાન સાધના એક સાથે 30 મિનીટ અને મૌન સાધના માટે 1 કલાક એક સાથે મૌન રાખવાનું રહેશે.

આ રીતે હર મહિને સાધના કરી ગુરુ ચરણે અર્પણમ્ કરી શકાશે.

: વધુ જાણકારી પ્રાપ્ત કરવા નિ:સંકોચ સંપર્ક કરશો :
દેવાનુપ્રિયા શ્રી શૈલેષીદીદી અજમેરા (અર્પણમ્ પ્રોજેક્ટ હેડ): +919884166629
રજિસ્ટ્રેશન અને અર્પણમ્ પુસ્તિકા માટે આપના ક્ષેત્રના મિશન હેડ અથવા સંકુલ હેડનો સંપર્ક કરશો.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
એવમ્ વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીના સુશિષ્યાઓની

આહાર વિરક્તિ

॥ તપસાધના ॥

પૂજ્ય શ્રી પરમ સમાધિજી મહાસતીજી

(દીક્ષા પર્યાય 5 વર્ષ 6 મહિના)

30 ઉપવાસની આરાધના કરેલ છે.

પૂજ્ય શ્રી પરમ પ્રભુતાજી મહાસતીજી

(દીક્ષા પર્યાય 1 વર્ષ 6 મહિના)

30 ઉપવાસની આરાધના કરેલ છે.

પૂજ્ય શ્રી પરમ વિરક્તાજી મહાસતીજી

(દીક્ષા પર્યાય 5 વર્ષ 6 મહિના)

17 ઉપવાસની આરાધના કરેલ છે.

પૂજ્ય શ્રી પરમ સ્વમિત્રાજી મહાસતીજી

(દીક્ષા પર્યાય 8 મહિના)

16 ઉપવાસ સાથે તપસાધનામાં આગળ વધી રહ્યાં છે.



ત્યાગે છે જે જનમ જનમની આહાર આસકિત
પામે છે તે પ્રભુ સમ આત્મ વિરકિત !

ધન્ય છે જિનશાસન...
ધન્ય છે તપસ્વીરત્ના સાધ્વીજીઓ ! !

परमपूज्य गुरुदेव श्री नम्रमुनि महाराज साहेबना चरणो मां कोटी कोटी वंदन

India's Leading Green Fuel Crusader

CONFIDENCE GROUP

PRESENTS

go gas™
INDIA'S FASTEST GROWING LPG COMPANY

जो कभी ब्लास्ट नही होगा.
go gas élite

India's First
Blast Proof & Light Weight
Composite LPG Cylinder

अब भारत का हर किचन होगा ब्लास्ट प्रुफ

Group Infrastructure :

- Single Largest Cylinder Manufacturer in Asia.
- 196 Auto LPG Stations across India.
- 58 LPG Bottling Plant across India.
- BSE Listed Company.
- One of India's Fastest Growing LPG Company.
- Own Fleet of LPG Tankers.
- A Leading Player in LPG Retailing for Household, Automobile, Industrial & Commercial Purpose.

Call : 7620 250 251
website : www.confidencegroup.co

■ Nitin Khara ■ Nalin Khara ■ ILesh Khara

Confidence MOVING WITH
Confidence Petroleum India Limited
Head Office : 4th Floor, Landmark, Above Big Bazaar, Wardha Road, **Nagpur** - 440012

www.elitegogas.com ■ gogas@confidencegroup.co ■ info@elitegogas.com ■ elitegogas

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2017-2019 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2019
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-8-2019

અંતરના અત્યંત અહોભાવ
હૃદયની પ્રેમભરી અરજી અને
આત્મીયતાભરી આજીજી સાથે

PARASDHAM

પારસધામ-ઘાટકોપર (મુંબઇ)ના
શ્રી સંઘ, શ્રેષ્ઠીવર્યો અને ભાવિકોએ કરી

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબને

2020ના **ચાતુર્માસ**ની

વિનયભરી વિનંતી

ગુરુદેવ **પધારો** રે,
અમને ઉગારો રે,
ચાતુર્માસ **આપો** રે,
ચાતુર્માસ **આપો** રે !

From : DEEPAK K. BHAYANI - 202, Satellite Building, Opp. Mistry Complex, J. B. Nagar, Andheri (East), Mumbai - 400 099